# સહજ-સત્સંગ

અંક : ૨૪૧ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા એપ્રિલ : ૨૦૦૯




દિવ્યતાને સજીવ કરવા, પદ-વિન્યાસ ઝંખે,
પ્રભુકૃપાની અમૃત-ધારા, તૃપ્ત નયને ઝીલશે.



**શ્રી માતાજી**

મા મીરાંબા મધુરા અતિ, સ્નેહમૂર્તિ સમાન,
ચૈત્યપુરૂષને ઢંઢોળીને, રચે અધ્યાત્મ-પ્રયાણ.

# પ્રાર્થના અને ધ્યાન

(૧૨-૫-૧૯૧૪)



આ એક એવો તો ગાળો છે કે જેમાં અમે તારા નિયમ પ્રમાણે કામ કરતાં હોઈએ છીએ અને તે એ નિયમ જેટલા પ્રમાણમાં અમારા સ્વરૂપનું સર્વભાવે નિયમન કરતો હોય છે, તેટલા પ્રમાણમાં બનતું હોય છે.... આજે સવારે, મને ઝડપી અનુભૂતિ થઈ, હું એક ઊંડાણમાંથી બીજા ઊંડાણમાં પસાર થવા લાગી, અને એમ કરતાં કરતાં હંમેશની માફક હું મારી ચેતનાને તારી ચેતના સાથે એકરૂપ બનાવી શકી.... પરંતુ તારી સંકલ્પશક્તિએ મારી ચેતનાને તરત જ બહારની બાજુએ, જે કાર્ય સિદ્ધ કરવાનું હતું, તે તરફ ખેંચી આણી, અને તે મને કહ્યું : મારે એક કરણની જરૂર છે. તે તું બની રહે. અને આ તે શું ત્યાગની અંતિમ સ્થિતિ નથી ? તારી સાથેની એકરૂપતાનો ત્યાગ !... તારી સંપૂર્ણ અને અનન્ય ચેતનારૂપે જ બની રહું એમ થવાને બદલે મારે આ મારા કરણ સાથે લગભગ સંપૂર્ણરીતે એકરૂપ બની રહેવું જોઈએ. એમ શા માટે થવું જોઈએ ?

હું જાણવા તો માંગું છું, પણ તે માટે સચિંત નથી... (અમે) એમ અનુભવી શકીએ કે તારા કાર્યને ઝીલવાને માટે તૈયાર થએલાં હોય તેવા સર્વ તત્વોમાં થઈને જગતમાં તું કાર્ય કરી રહ્યો છે એમાં કેવો તો મધુર અને શાંત આનંદ આવી રહેલો છે.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૧ વર્ષ : ૨૧

એપ્રિલ - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005

Reg.No. - GRJ-303
The Registrar of Newspapers for India
Reg.No. - 07598/22 A.K.GTC



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
ભારતમાં વાર્ષિક રૂા. ૧૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૮૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફટ/પોસ્ટલ ઑર્ડરથી
**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જુનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન
(૧૨-૫-૧૯૧૪)

શ્રી માતાજી પરમ-પ્રભુનો આંતરિક સ્પર્શ અનુભવી રહ્યાં છે. અને આ સ્પર્શ જેટલો તીવ્ર અને ગહન તેટલા પ્રમાણમાં સાધક પરમપ્રભુ સાથે એકરૂપતા સાધી શકે છે. આંતરિક સ્પર્શથી જ એકરૂપતાની સભાનતાની શરૂઆત થવા માંડે છે. જ્ઞાની સાધક આ વખતે પોતાની ચેતનાને મસ્તકના ઉપરનાં કેન્દ્રમાં સ્થિર થઈ પ્રભુ સાથે એકરૂપતા અનુભવતો હોય છે; જ્યારે ભક્ત સાધક તે વખતે હૃદયના ઊંડાણમાં ચેતના ઊતરી ગઈ છે અને ત્યાં પ્રભુનો સ્પર્શ પામી એકરૂપતા અનુભવે છે. ચેતનાના કેન્દ્રાનુસાર સાધકની અનુભૂતિ અલગ અલગ હોઈ શકે પણ ''એકરૂપતા' એ તો સમાન ભાવ હોય છે, પ્રભુ તો બધા જ મારફત પ્રગટ થતાં હોય છે. તેમાં તારતમ્ય, વધઘટ અને આવિર્ભાવ-પ્રકારની ભિન્નતા જરૂર હોય છે.

માતાજી પરા-ભક્તિમાં લીન હોવાથી હૃદયનાં ઊંડાણમાં પ્રભુ સાથેની એકરૂપતા અનુભવી રહ્યાં છે. પ્રભુ સાથે એકરૂપતા સધાતા જ તેના પ્રકાશનાં પ્રભાવ હેઠળ પ્રકૃતિ પોતાનું રૂપાંતર સાધી પ્રભુના આવિર્ભાવ પ્રક્રિયાને અનુરૂપ પોતાને ગોઠવે છે. આ જ અનુભૂતિ માતાજી પ્રગટ કરી રહ્યાં છે. પ્રભુનો નિયમ એટલે પ્રભુ સાથે એકરૂપતા સાધવી. એ જ મૂળભૂત દિવ્ય-નિયમ છે. તે એકરૂપતાના પ્રમાણમાં પ્રકૃતિનું રૂપાંતર થાય છે એમ માતાજી જણાવે છે.

માતાજી, આજની અનુભૂતિ વિષે વાત કરી રહ્યાં છે. ભક્ત તરીકે પોતાની ચેતના હૃદયના ઊંડાણમાં ઉતરી જઈ ત્યાં પ્રભુ સાથે એકરૂપતા સાધતી અનુભવાય છે. તે ઊંડાણમાં જ માતાજીની ચેતના સ્થિર છે. પણ ભક્તના ભાવો સતત બદલાતા હોવાથી માતાજી અનુભવે છે કે તેમની ચેતના એક ઊંડાણમાંથી બીજા ઊંડાણમાં પ્રવેશી રહી છે. સારાંશ એકરૂપતાનો તંતુ અખંડ અને અવિરત અનુભવાઈ રહ્યો છે. આ ઊંડાણભર્યા પ્રવાસથી પ્રભુ સાથેની એકરૂપતા વધારેને વધારે તીવ્ર અને ગહન બની રહી છે. માતાજીનો તો આ રોજીંદો અનુભવ છે.

એ જ વખતે માતાજીની ચેતનાને બહાર તરફ-ભૌતિક જીવન તરફ, ખેંચાવાનો અનુભવ આવવા લાગ્યો. માતાજીએ જાણ્યું કે આ કોઈ વિકાર નિર્માણ થવાથી ચેતનાનું બહિર્ગમન નથી પણ પ્રભુ ને જ પોતાનો કોઈ સંકલ્પ સિદ્ધ કરવો છે અને તેમાં માતાજીને નિમિત્ત બનાવવાં છે. તેથી જ માતાજીનો બાહ્ય-ચેતના તરફ

આવવાનો પ્રવાસ શરૂ થયો. માતાજી ને જ્યારે આંતરિક કુતુહલ આ બાબત થઈ રહ્યું હતું ત્યારે તેમને હૃદયનાં ઊંડાણમાંથી પ્રભુનો અવાજ સંભળાયો. પ્રભુ કહી રહ્યાં હતાં કે તેમને પોતાનું કાર્ય પાર પાડવા એક કરણની, યોગ્ય સાધનાની જરૂર છે. અને પ્રભુની ઈચ્છા જ માતાજીના જીવન સંચાલનનું એક માત્ર તત્વ હતું. તેમણે પૂરી સંમતિથી કોઈ ઉચાટ વગર, અસંતોષ વગર, બાહ્ય ચેતનામાં આવવાની શરૂઆત કરી. માતાજી જાણતાં હતાં કે પેલા ઊંડાણમાં જે ગહન શાંતિ અને આનંદ છે તે બાહ્ય જીવનમાં ભાગ્યે જ મળે છે, છતાં માતાજીએ પ્રભુની ઈચ્છા જાણી તે આનંદમય અવસ્થા છોડીને બાહ્ય જીવનમાં વધારે સભાન બન્યાં. આ ખરેખર ખૂબજ મોટો ત્યાગ કહેવાય. આજના તબક્કે તો આ પ્રભુ સાથેનો વિયોગ બની જવાનો હતો. આનાથી મોટો ત્યાગ દુનિયામાં શું હશે ?

ગોપીઓએ શ્રીકૃષ્ણને ગોકુળ છોડી જવાની આપેલી સંમતિ આ આંતરિક-ઘટનાનું પ્રતીકાત્મક વર્ણન છે.

માતાજીને શરીરની સભાનતામાં આવવું પડયું. માતાજી સામે એક કોયડો ઊભો થયો. પ્રભુ સાથેની એકરૂપતા ત્યાગી બાહ્ય જીવનમાં આવી પ્રભુ માટે કામ કરવું એ શું વધારે પ્રગતીકારક-અવસ્થા ગણાય ? આંતરિક એકરૂપતાથી ઉપર શું વધારે ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાઓ છે ? માતાજી સામે આ કોયડો જરૂર ઊભો થયો.... પણ તેનો જવાબ સમયાંતરે મળી જશે તેની ખાતરી હોવાથી માતાજી અસ્વસ્થ નહોતા બન્યાં, કે મનોમય ઉકેલ શોધવા વ્યગ્ર પણ નહોતા બન્યા. તેઓ હંમેશની જેમ શાંત અને તૃપ્ત જ હતાં.

તેમના તૃપ્તિનું કારણ એ હતું કે તેમને એક નવી વસ્તુ સમજાઈ હતી. જગતમાં માતાજી જેવા જે જે કરણો તૈયાર થયાં છે તેમની મારફત પ્રભુ પોતાનું સતત કાર્ય સિદ્ધ કરવા મથી રહ્યાં છે. પોતે પણ અનેકની જેમ પ્રભુની આવી કૃપાને પાત્ર છે એ ભાવ જ તેમને મધુર ભાવોથી ભરી દઈ રહ્યો હતો. માતાજી શાંત અને સ્થિર હતાં.

આ પ્રાર્થનાની પાર્શ્વભૂમિમાં એક ગહન અને અવ્યક્ત રહેલું આધ્યાત્મિક તત્વ છુપાયેલું છે. પ્રભુ સાચા સાધકને ફક્ત આંતરિક જ એકરૂપતા સાધવા નથી માગતા પણ બાહ્ય જીવનમાં પણ પ્રભુ સાથેની એકરૂપતા ટકી રહેવી જરૂરી છે. એ તરફ માતાજીનું ધ્યાન ખેંચી રહ્યાં છે.

શ્રી કૃષ્ણની ગીતામાં જણાવેલી યોગનિષ્ઠા અથવા કર્મયોગ. તે આ છે. તેમાં આંતર બાહ્ય બન્ને અવસ્થામાં પ્રભુની ચેતનામાં પ્રવેશીને એકરૂપ થઈ રહેવું જરૂરી છે. (મામેવૈશ્યસિકૌન્તેય..... ગીતા)

# દિલની સચ્ચાઈ

- જ્યોતિબેન થાનકી

સામાન્ય જીવન વ્યવહારમાં મનુષ્ય મોટેભાગે પોતે ખોટું કર્યું હોય તો તેને છાવરતો રહે છે. અનેક બહાનાં અને દલીલોથી તે ખોટાને સાચું ઠેરવતો રહે છે. પછી તો જુઠાણાંને તે સાચું જ માનીને વ્યવહારથી એટલો બધો ટેવાઈ ગયો છે કે એ બધું તેને સાચું જ લાગે છે. શ્રી માતાજી કહે છે, ''માણસોના વ્યવહારમાં ઘોર અસચ્ચાઈ રહેલી છે.'' વિચારવું કંઈક, કહેવું કંઈક અને કરવું તદ્દન જુદું. આ બધી અસચ્ચાઈઓ છે. શ્રી માતાજી કહે છે કે ''હું આવા અસત્ય કથનની વાત નથી કરતી, પણ એવી મુત્સદીગીરી જેમાં અમુક પરિણામ પ્રાપ્ત કરવા માટે અમુક વસ્તુ કહેવી, તે એવી અપેક્ષાથી કહેવી કે તેનું અમુક જ પરિણામ આવે. તમારી જાતનો વિરોધ કરે તેવા પ્રકારનું સંમિશ્રણ એ એક પ્રકારની દિલની અસચ્ચાઈ જ છે.'' જેને આપણે મુત્સદીગીરી, વ્યવહાર કુશળતા કહીએ છીએ તે પણ એક પ્રકારની અસચ્ચાઈ છે. માણસ બીજાને છેતરી શકે છે, પણ પોતાની અંદર રહેલા ભગવાનને છેતરી શકતો નથી. આ સંદર્ભમાં પણ શ્રી માતાજીએ કહ્યું હતું, ''ચાલાકમાં ચાલાક અસુરો પણ ભગવાનને છેતરી શકતા નથી.'' ભગવાન સમક્ષ આપણે જેટલા સાચા, સરળ અને ખુલ્લા એટલો આપણો સાધના માર્ગ ઝડપી અને ટૂંકો બને છે.''

**દિલની સચ્ચાઈ એટલે શું?**

જ્યારે માણસ પોતાની જાતને છેતરતો ન હોય જ્યારે તે પોતાની ઈચ્છાઓને પોષવા માટે મનગમતા ખુલાસાઓ આપતો ન હોય, તેનામાં દંભ અને દેખાવની વૃત્તિ ન હોય ત્યારે તે સાચા દિલનો છે, એમ કહી શકાય. શ્રી માતાજી કહે છે : ''પૂર્ણ સચ્ચાઈ એટલે આપણે આપણા સર્વ વિચારોમાં, આપણી સર્વ લાગણીઓમાં, સર્વ સંવેદનોમાં, સર્વ ક્રિયાઓમાં, આપણાં જીવનના કેન્દ્રસ્થ સત્ય સિવાય કશાયને વ્યક્ત ન કરીએ.'' જ્યારે આપણે આપણા સાચા સ્વરૂપમાં હોઈએ છીએ, ત્યારે જ આપણે સંપૂર્ણ સાચા હોઈએ છીએ. એક વાર્તાલાપમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, ''હું અને શ્રી અરવિંદ દિલની સચ્ચાઈ તેને કહીએ છીએ કે જ્યારે અસ્તિત્વનો કોઈપણ ભાગ સમર્પણ માટેના સંકલ્પનો વિરોધ કરતો ન હોય. જ્યારે કશું પણ પોતાનું સ્વતંત્ર જીવન જીવવા માટેનો અંચળો ઓઢી લેતું

ન હોય ત્યારે તે દિલની સચ્ચાઈ છે. એવા અસંખ્ય અંચળા હોય છે કે જે ખૂબ લુચ્ચા, દ્વેષપૂર્ણ અને છેતરામણા હોય છે. કમનસીબે માણસમાં પોતાની જાતને છેતરવાનું ખૂબ સાહજિક વલણ હોય છે. કમનસીબે માણસ પોતાની જાતને વધારે છેતરે છે, તેમ તેમ તે આત્મવંચનાને ઓછી ને ઓછી જાણી શકે છે.'' જ્યારે શરૂઆતમાં મનુષ્ય પોતાની જાતને છેતરે છે, ત્યારે તેને અંતરમાં ગ્લાનિ થાય છે. ખટકો અનુભવાય છે. પણ પછી દલીલો દ્વારા જૂઠાણાને સત્ય ઠેરવતાં એ ગ્લાનિ ધીમે ધીમે દૂર થઈ જાય છે અને પછી તો આત્મવંચના કરે છે. એવી ટેવ પડી જાય છે કે કશુંક ખોટું કરી રહ્યો છે, એવું પણ તેને લાગતું નથી. આંતરસચ્ચાઈથી તે દૂર સુદૂર ફેંકાય જાય છે.

**દિલની સચ્ચાઈનું અવરોધક પરિબળ :**

દિલની સચ્ચાઈનું અવરોધક મુખ્ય પરિબળ હોય તો તે છે, અહંકાર. જ્યાં સુધી માણસ અહંકારમાં જીવે છે, ત્યાં સુધી તે ગમે તેટલા પ્રયત્ન કરે તો પણ તે પૂર્ણપણે સાચાદિલનો બની શકતો નથી. અહંકાર અને તેની સઘળી કામનાઓને શ્રી માતાજી દિલની અસચ્ચાઈનું ઉદ્‌ભવ સ્થાન કહે છે. અહંકારમાંથી પ્રગટ થતી સર્વ મર્યાદાઓનું સંયોગીકરણ, કામનાઓ અને કામનાઓમાંથી પ્રગટ થતી દિલની સચ્ચાઈ ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે માણસ અહંકારમાંથી મુક્તિ મેળવે. પરંતુ અહંકારમાંથી મુક્તિ ક્યારે મળે ? જ્યારે માણસ દિલની અસચ્ચાઈથી મુક્ત થવા પ્રયત્ન કરે તો જ તે અહંકારમાંથી મુક્ત થઈ શકે. પરંતુ જો માણસ એમ કહે કે 'અહંકારમાંથી મુક્ત થવા સુધી હું રાહ જોઈશ, ત્યારે મને દિલની સચ્ચાઈ આપોઆપ મળી જશે તો આ ખોટું છે, આત્મવંચના છે. માણસે અહંકારમાંથી મુક્ત થવા સાચાદિલથી પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ.

**દિલની સચ્ચાઈ કેવી રીતે પ્રાપ્ત કરવી ?**

દિલની સચ્ચાઈ ચમત્કારિક રીતે કંઈ એકાએક પ્રાપ્ત થઈ જતી નથી. તેના માટે સભાનપણે સંકલ્પપૂર્વક પ્રયત્ન કરવો પડે છે. અહંકારમાંથી મુક્ત થવાની સાધના કરવાની રહે છે. એ સાધના સિદ્ધ થતાં પછી દિલની સચ્ચાઈ આપોઆપ પ્રાપ્ત થાય છે. પણ ત્યાં સુધી જાગૃત રહીને જાતને છેતરવાનો કદી પણ પ્રયત્ન ન કરવો જોઈએ. સારા દેખાવાનો પણ પ્રયત્ન ન કરવો જોઈએ. જ્યારે માણસ પોતે એના કરતાં વધારે સારા દેખાવાનો પ્રયત્ન કરે ત્યારે તે પોતાના આંતરસત્યથી ને સાચા સ્વરૂપથી દૂર ફેંકાઈ જાય છે.

બીજું, પોતાની અપૂર્ણતાઓ અને ક્ષતિઓને ઢાંકવા અને છાવરવાનો કદી

પ્રયત્ન ન કરવો. ઊલટું અપૂર્ણતા અને ક્ષતિઓને પ્રગટ કરીને, ભગવાનના દિવ્ય પ્રકાશમાં તેને મૂકીને તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

દિલની સચ્ચાઈ કેવી રીતે પ્રાપ્ત કરવી એ અંગે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે : ''પોતાની જાતને છેતરવા માટે કદી પ્રયત્ન ન કરવો. તમારા સ્વરૂપનાં બીજા કોઈ પણ ભાગને સમજાવી દેવાની રીત શોધી કાઢવા માટે રજા ન આપવી. પોતાને જે કરવું હોય તે કરવા માટે બીજાને સાનુકૂળતાથી સમજાવવા માટે કોઈ બહાનું તૈયાર ન રાખવું. જ્યારે કોઈ અણગમતી વસ્તુ બને ત્યારે પોતાની આંખોને બંધ ન રાખવી. કોઈ પણ વસ્તુને એવી રીતે ધ્યાન બહાર જવા ન દેવી, એમ કહીને કે આ બહુ અગત્યનું નથી, પાછળથી વધારે સારું કરશું જો માણસ સતત પ્રયત્નથી જાગૃતપણે આ રીતે આચરણ કરે તો તે જરૂર સાચા દિલનો બની શકે. શ્રી માતાજી કહે છે કે ભગવાનના સંકલ્પને સંપૂર્ણ સમર્પણ કરવાથી દિલની સચ્ચાઈ પ્રાપ્ત થાય છે.

**દિલની સચ્ચાઈની આવશ્યકતા :**

જીવનમાં પ્રગતિ માટે સચ્ચાઈ અનિવાર્ય છે. સામાન્ય જીવનમાં કે સાધનામય જીવનમાં જૂઠ્ઠા, દંભી ને બાહ્ય દેખાવ કરનારા લોકો એક વખત સફળ થાય છે, પણ બીજી વખત એવા લોકોનો કોઈ વિશ્વાસ કરતું નથી. લાંબેગાળે તેઓ નિષ્ફળ જાય છે. શ્રી માતાજી કહે છે : ''જો તમે પૂરેપૂરા સાચાદિલના હો, કેવળ બીજાઓ સાથે નહીં, પણ તમારી જાત સાથે અને જો કોઈ સમયે તમે તમારી અપૂર્ણતાઓ અને ક્ષતિઓને ઢાંકી દેવા માટે પ્રયત્ન કરશો તો તમે કદી પ્રગતિ કરી શકશો નહીં, તમે જ્યાં છો, ત્યાં, જે છો તે જ રહેશો. બિલકુલ પ્રગતિ કર્યા વગરના ! તમારે પ્રાથમિક અવચેતનાની સ્થિતિમાંથી પ્રગતિશીલ ચેતનામાં વિકાસ કરવો હોય તો સહુથી અગત્યની વસ્તુ દિલની સચ્ચાઈ છે.''

બીજું રક્ષણ મેળવવા માટે પણ દિલની સચ્ચાઈ જરૂરી છે.

વિરોધી શક્તિઓને માત કરવા સત્યનિષ્ઠા એ સૌથી પ્રબળ હથિયાર છે. બળવાન અને ચાલાક અસુરો પણ સત્યનિષ્ઠાની સામે હારી જાય છે. શ્રી માતાજી કહે છે કે, ''જો માણસ સાચા દિલનો હોય તો ગમે તેવા શત્રુ પણ તેની પાસે ફરકી શકતો નથી. કેમ કે એ પાસે આવે તો તેનો પોતાનો જ નાશ થઈ જાય છે.'' તેમણે બાળકોને વાર્તાલાપ દરમિયાન એમ પણ કહ્યું હતું કે, ''માણસ જો ચેતનાની એવી સ્થિતિમાં હોય કે તેના સમગ્ર અસ્તિત્ત્વમાંથી પ્રભુ વિરોધી કોઈ પણ બાબતને આવકાર મળતો ન હોય તો શત્રુ ગમે તેટલો પ્રબળ હોય તો પણ તે

તેનું રૂવાડુંય ફરકાવી શકશે નહીં. વિરોધી શક્તિઓ એને કોઈપણ જાતની અસર કરી શકશે નહીં.''

આધ્યાત્મિક માર્ગમાં દિલની સચ્ચાઈ જ રક્ષણ કરે છે. એ સંદર્ભમાં પણ શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, '' જો તમે સાચા દિલના નહીં હો તો તમે બીજી જ ક્ષણે પડી જવાના અને તમારૂં માથું ફોડી નાંખવાનાં કેમ કે અનેક પ્રકારની શક્તિઓ, સંકલ્પો, અસરો, તત્ત્વો, તમારી અંદર રહેલી આ દિલની સચ્ચાઈમાં નાનામાં નાની તિરાડને પણ શોધી કાઢવા તત્પર રહેતાં હોય છે. જેવી તિરાડ દેખાય કે તુરત જ તેમાં ઘસી જતાં હોય છે. અને તમને ગૂંચવાડામાં મૂકી દે છે.'' મનુષ્યની અંદર રહેલી સચ્ચાઈ જ તેને ઝંઝાવાતોની સામે ટકી રહેવાનું બળ આપે છે. તેને શ્રદ્ધા અને વિશ્વાસથી ટકાવી રાખે છે.

**આધ્યાત્મિક માર્ગનો એક જ રસ્તો :**

આધ્યાત્મિક માર્ગમાં મુશ્કેલીઓ ગમે તેટલી કપરી હોય, પથ ગમે તેટલો વિકટ અને લાંબો હોય, પણ હૃદયમાં સચ્ચાઈ હશે તો માર્ગ સરળ બની જશે. શ્રી માતાજીએ આ વિષે જણાવ્યું હતું કે મૂળભૂત રીતે જ કોઈપણ રસ્તાને માણસ અનુસરે, પછી તે રસ્તો સમર્પણનો હોય કે નિવેદનનો હોય કે અર્પણનો હોય કે જ્ઞાનનો હોય પણ બધામાં ફક્ત એક જ રસ્તો છે, તે છે પૂર્ણ સચ્ચાઈનો''

**સચ્ચાઈ છે, દિવ્ય દ્વારોને ખોલવાની ચાવી.**

શ્રી માતાજી સચ્ચાઈને દિવ્ય દ્વારોને ખોલવાની ચાવી ગણાવે છે. તેઓ કહે છે : ''તમને અને પ્રભુને છૂટા પાડતાં બારણાંને ખોલવાની ચાવી તે દિલની સચ્ચાઈ છે.'' તેઓ દિલની સચ્ચાઈને સર્વ સાક્ષાત્કારોનો પાયો ગણાવે છે અને કહે છે, 'સાધન પણ તે જ છે અને લક્ષ્ય પણ તે જ છે.'

દિલની સચ્ચાઈના આનંદની પ્રાપ્તિની વાત કરતાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે ''સાચા દિલના બનવામાં એક અદભુત આનંદ રહેલો છે. દિલની સચ્ચાઈથી કરેલા દરેક કામમાં એનું પારિતોષિક રહેલું છે. વિશુદ્ધની ઊર્ધ્વમાં ઉડ્ડયનની અને મુક્તિની લાગણી તેમજ અસત્યના નાના અંશને દૂર કર્યાનો સંતોષ એ તેનું પારિતોષિક છે. દિલની સચ્ચાઈ એ જ સલામતી છે. એ જ માર્ગદર્શક છે, એ જ રૂપાંતકારી શક્તિ છે.'' દિલની સચ્ચાઈ દ્વારા મનુષ્ય ભગવાનની સમીપ સહેલાઈથી પહોંચી શકે છે. એટલું જ નહીં પણ તેના દ્વારા પ્રભુની દિવ્યશક્તિ નિમ્ન પ્રકૃતિમાં ઊતરી આવે છે અને પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર ઝડપી બને છે.

# ભગવતી આરાધના

## અધ્યાય - ૬

### સાધકની ભૂમિકા

(માં પેજ ૧૫-૧૯)

મહાલક્ષ્મી પોષતા રહે, અખિલ જગતનાં માત,
ધન-લક્ષ્મી તેનો જ છે, ભૌતિક સ્તરે નિવાસ.

જીવનને પ્રફુલ્લિત કરે, નિર્વાહ સાધન જાણ,
પ્રાણમય સંતોષ દે, સુરક્ષિતતાનું ભાન.

અટળ આ શક્તિ બની, ભૌતિક જીવન મ્હાય,
પણ તે પણ વિકૃત બને, મલિન જીવનની સાથ.

અહં તેનો દુરૂપયોગ કરે, ઈચ્છા-તૃપ્તિનો સંતોષ,
મેળવવા મથતો રહે, એ દિવ્યતાથી વિયોગ.

આસુરી શક્તિ પણ જકડતી, પોતાનું સાધે કામ,
જગમાં ત્રણ આકર્ષણો રહ્યાં, અસુર શક્તિનાં ધામ.

કામવાસના, સત્તા, ધન, આ અસુરો તણા છે જામ,
ધનશક્તિ લક્ષ્મી તણી, પણ ધારક છે નાદાન,

નથી જાણતો હાથો બન્યો, અસુર-શક્તિનો એ જ્ઞાન.
પોતે પણ અતિ રાચતો, એ ગુલામીનું નિશાન,

આસુરી-કર્મો કરે, શોષણ, ઘાત ને પાત,
ખટપટી, કામ-કીડો બની, નારકી-જીવન થઈ જાત.

તેના કુસંસ્કારોને, ધન પણ ધારણ કરે,
જ્યાં જાએ ત્યાં ચેપને, ફેલાવાનું કારણ મળે.

આ રોગ-ચાળો વધતો રહે, રહે ધ્યાનની બહાર,
લોકો તેથી ગાફેલ બની, પ્રભાવમાં રહે શતવાર.

મુક્ત કોઈ અતિ-વિરલો, એ અનુભવની વાત,
તેથી લોકો એમ ગણે, ધન કરતું સાધના-ઘાત.

ધનથી આઘા રહે, ગણે અસ્પૃશ્ય, મલિન,
ગરીબાઈને અમૃત ગણે, ધનહીન જાણે મહાવીર.

અધ્યાત્મમાં ધન વ્યર્જ રહે, એ બન્નેનો ન મેળ,
એવી દૃઢ માન્યતા ધરી, જીવે અંધજનની જેમ.

પણ આ મહાભૂલ ગણી, ધન-શક્તિ રહે ગુલામ,
આસુરી ભાવોને પોષતી, એ નથી તેનું કામ.

તે દિવ્ય-જીવનને પોષવા, આવી મહિં તળે,
એ જ દિવ્ય હેતૂ કહે, આ જીવનને વિષે.

લક્ષ્મીવંત વાલી ગણ્યો, ન માલિક કે સ્વામી,
ન્યાયબુદ્ધિથી વહિવટ કરે, બને પ્રભુ-કાર્ય ગામી.

માતૃભાવે જોતો રહે, તો કરે સાચો એ યોગ,
ન હક્ક કે ન માંગણી, ન અંગત દુરૂપયોગ.

ભગવતી જે આપે પ્રેમથી, તેનો ન સંગ્રહ,
ન મમત્વ ન સ્વાર્થ રહે, ચોક્કસાઈનો આગ્રહ.

જગમાત ચરણે ધરે, વાપરે કરકસર સાથ,
તેનો હેતૂ સાધવા, દોડે, દોડાવે, ન થાક.

ધનવાન ને ન મોટાગણે, ન ઠાઠમાઠનો પ્રભાવ,
ભગવતી ખાતર માંગતો, રાખે એવો ભાવ.

નકારે દુઃખ ન માનતો, પ્રભુ ઈચ્છા આધિન,
ધન પ્રત્યે ન મમત્વને, ન ઘૃણા કે ન દીન.

સમતા, ન કોઈ માંગણી, બસ પ્રભુ-કાર્યની ખેવ,
ત્યારે તે મુક્ત બને, એ પ્રભુ કૃપા નિઃસંદેહ,

કુપ્રભાવથી મુક્ત રહે, ન ખોટું આકર્ષણ.
ન ચંચળતા કે અનિચ્છા, પ્રભુ-કાર્યને સમર્પણ.

ગરીબાઈમાં રહેવું પડે, તો તે પણ છે સ્વીકાર,
ન લઘુતા ન નબળાઈ ગણે, એ સમતાનો છે સાર.

જો ધનમાં આળોટવું, તે પણ છે મંજૂર,
છતાં ન આસક્તિ ધન તણી, કે સુખસુવિધાની જરૂર.

પ્રભુ ઈચ્છા સર્વસ્વ ગણે, દિવ્યાનંદનો ઉછેર,
એ જ સાર સર્વસ્વ ગણે, જીવનમાંની મહેર.

વિજ્ઞાનમય સૃષ્ટિ મહિં, લક્ષ્મી પ્રભુની દાસ,
દિવ્ય, ભાવોને પોષતી, ભૌતિક જીવનની સુવાસ.

જીવન સુખ સંવાદમય, સુવ્યવસ્થાનો સંગમ,
ભગવતી તેનું સર્જન કરે, દિવ્યદૃષ્ટિનો અભિગમ.

જે જન પ્રાણમય અને સ્થૂલ, ભાગો મહિં બળવાન,
અહં મુક્ત, વિશાલતા ને, ન હક્કનું કોઈ ભાન.

નિઃશેષ સમર્પણ ધારણ કરે, તે બને વાહક બળવાન,
દિવ્ય-શક્તિના ધારક બની, તે કરે પ્રભુ તણું કામ.

---

(પાના નં.૧૫નું આગળ) **સહજ સત્સંગ**

ઊર્ધ્વચેતનાનું 'કૃપા' તરીકે અવતરણ થઈ ચેતના અખંડ બની જતી હોય છે.

ચમત્કારમાં પણ આ જ ઘટના બનતી હોય છે. તેને તમે પ્રભુનો હસ્તક્ષેપ કહો છો. ખરેખર તે ઊર્ધ્વ ચેતનાની અવતરણની જ ઘટના હોય છે. ચમત્કારનું મૂળ ચેતનાના કોઈ અન્ય સ્તરમાં જ જોવા મળે છે.

''માતાજી આપણી સૃષ્ટિનું અંતિમ લક્ષ્ય શું છે?''

''પ્રભુ અનંત છે તેથી ચેતનાનાં પણ અનંત સ્તરો છે. તેથી આધ્યાત્મિક રીતે અંતિમ-ધ્યેય એવો શબ્દ વાપરી શકતાં નથી. પણ વ્યવહારમાં આપણે તે અનંતગતિનાં ભાગ પાડી આ જીવનનું, આ વર્ષનું, આ માસનું અંતિમ ધ્યેય નિશ્ચિત કરી શકો છો. પણ આખરે અંતિમ ધ્યેય બીજા અંતિમ ધ્યેયની શરૂઆત માત્ર હોય છે.''

# સહજ સત્સંગ

(૨૮-૪-૨૯)

‘‘માતાજી, યોગસાધનામાં પ્રગતિ કરવા માટે સાધકે સર્વાંગપૂર્ણ અર્પણ કરવું જોઈએ. પોતાની વસ્તુઓ, ગુણો, અવગુણો અને કર્મોનું. આનો ચોક્કસ અર્થ શું?’’

બેટા, યોગ એટલે પ્રભુ સાથે એકતા, એકરૂપ થઈ જવું. આત્મસમર્પણ જ આવી એકતા રચે છે ફક્ત શાબ્દિક પ્રાર્થના, ‘‘પ્રભુ હું બધું અર્પણ કરું છું’’ અથવા તેવો ફક્ત વાંઝિયો ભાવ એ તો પ્રાથમિક અવસ્થા છે. પ્રાર્થના વખતે તે ભાવ જન્મે છે. પછી ભૂલાઈ જવાય છે. તે ભાવમાં સતત રહેવાતું નથી. સતત આપણે મૂળ ટેવ મુજબ જ અહંકારમય ચેતનામાં જ રહીએ છીએ.

ભાવ પરિણામદાયક ત્યારે જ થાય છે કે બધું પ્રભુ પાસેથી જ આપણા જીવનમાં આવે છે. તે જ તેમના સાચા મૂળ માલિક છે હું તો એક વિશ્વસ્ત છું. ટ્રસ્ટી છું. પછી આપણને કોઈ વસ્તુ નજીવી, મહત્વવિનાની કે ક્ષુદ્ર નહિં લાગે. જીવનમાં જે છે તે પ્રભુએ પ્રેમથી આપેલી ભેટો છે અને તે જ વાસ્તવિકતા છે.

હવે આ ભાવને જીવનની વિગતોમાં ઉતારવા માટે નીચેનો પ્રયોગ ગંભીરતાથી કરવો જરૂરી છે.

૧ પ્રભુ જ તમારી અંદર અંતર્યામી બેસીને તમને હલાવી-ચલાવી રહ્યાં છે. તે જ તમારી દ્વારા કર્મ કરી રહ્યાં છે. તમે માત્ર સાધન છો એવો અનુભવવાનો પ્રયત્ન કરો. તેમાં યશસ્વી થતાં જ તેનો સતત અભ્યાસ અને પુનરાવર્તન કરો. અંતે તમે તેવા ભાવમાં જ જીવન-ધારણ કરતાં થઈ જશો.

૨ અત્યારે તમે બેવડું જીવન જીવો છો. પૂજા, પાઠ વખતનો ભાવ જુદો જ હોય છે. દૈનંદિન જીવનનો જુદો. આ ભેદ-રેખા ભાંગી નાખો ઉપરનો પ્રયોગ આ ભેદ રેખા ભાંગવામાં ખૂબજ મદદરૂપ થશે. ભેદ નષ્ટ થતાં જ એકતા સ્થપાશે. આવી પોતાની ચેતનામાંની એકતા જ પ્રભુને સર્વસ્વ અર્પણ કરવાનો મજબૂત પાયો રચશે.

૩ ઉપર મુજબની એકતાના કારણે આપણા ભાવો પ્રભાવશૂન્ય ન રહેતા આપણી પ્રકૃતિ ઉપર પરિણામ કરશે. આમાંથી જ પ્રકૃતિના રૂપાંતરની પ્રક્રિયા

શરૂ થશે. પૂર્ણયોગ સમગ્ર જીવનનું નાનામાં નાની વિગતે પણ રૂપાંતરની અપેક્ષા રાખે છે.

૪ રૂપાંતર એટલે પ્રકૃતિને અપાતો નવો-ઘાટ. આ ઘાટનો મૂળ ઉદ્દેશ છે પ્રભુના સંકલ્પોને પ્રકૃતિ દ્વારા કર્મમાં રૂપાંતરીત કરવા જીવનમાં પ્રભુની પ્રેરણાઓને ઝીલવી, પ્રભુના પ્રકાશને ઝીલવો આ ઝીલવા માટે પ્રકૃતિને શાંત, સ્થિર, એકાગ્ર કરવી પડે છે.

૫ જુના યોગીઓ આ શાંતિ, સ્થિરતા અને એકાગ્રતા માટે સંસાર છોડીને જંગલમાં ચાલ્યા જતાં, એકાંતમય જીવન જીવતા. આપણે તેમ કરવાનું નથી. પણ આંતરિક એકાંત પ્રાપ્ત કરવાનો છે. આંતરિક એકાંત એટલે પ્રભુ સાથે એકરૂપ થઈને રહેવું. તે પ્રભુરૂપી એક જ મૂળભૂત તત્વમાં ઓગળી જઈને પોતાના અલગ અસ્તિત્વ ધરાવતા અહંકારનો અંત કરવો એ જ એકાંત છે.

જુના યોગીઓની શાંતિ, સ્થિરતા અને એકાગ્રતા, જગતમાં લોકોમાં આવીને રહેતા જ, નબળી પડી જતી અથવા ભાંગી પડતી કારણ તેમના પ્રકૃતિની રૂપાંતરની પ્રક્રિયા ફક્ત ઉપર છલ્લી થએલી હતી. સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર થવું જરૂરી છે. ''માતાજી, ઉચ્ચ સાધના કરતા સાધકો આ ભૌતિક-જીવનમાં પાછા આવે છે?''

''જરૂર બેટા, ફક્ત તેમનો સર્વાંગી રૂપાંતરનો સંકલ્પ હોવો જરૂરી છે.''

''માતાજી, પોતે ઉચ્ચભૂમિકામાં જઈ પાછા ફર્યા છે એવી સ્મૃતિ સાધકને રહી શકે છે?''

''હા, યોગભ્રષ્ટને ગત જીવનની તેની અનુભૂતિ હોવી શક્ય છે. પણ તેનો અર્થ છે કે તમે ધ્યાનમાં ઘસારો કરી તે ઉચ્ચભૂમિકાને સ્પર્શ કર્યો છે પણ ત્યાં ટકી શક્યાં નથી. આવા ક્ષણિક સ્પર્શ ને યોગ-સાધનામાં બહુ મહત્વ નથી. આપણાં ચૈત્યપુરૂષે તે અનુભવ પચાવી તેને સ્થાયિ-ભાવમાં રૂપાંતરિત કરવો જરૂરી છે.''

માતાજી કોઈ પ્રવૃત્તિ કે, ''અભ્યાસ દરમિયાન તે બાબતમાં એકાગ્રતા થતાં જ માણસ ભગવાનને ભૂલી જાય છે, તેનો સ્પર્શ તુટી જાય છે. શું તે સાચું છે?''

''બેટા, ચેતના જ્યાં સુધી બેવડું જીવન-જીવતી હોય ત્યાં સુધી આવી બધી જ શક્યતા છે. તે એકરૂપ થતા પ્રભુનો સ્પર્શ પાર્શ્વભૂમિમાં ચાલુ રહેલો અનુભવાય છે. અગ્રભાગે તમે કાર્યમાં એકાગ્ર બનેલા હો છો. તે વખતે પ્રભુ જ મારી દ્વારા કાર્ય કરી રહ્યો છે એવો સૂક્ષ્મભાવ જરૂર અનુભવાય છે. સ્મરણ અને સમર્પણ આ જ સાધકના જીવનનું સોનેરી-સૂત્ર છે.''

''પણ માતાજી, તે કર્મની શરૂઆત કરતી વખતે રહે છે પણ કર્મમાં ઓતપ્રોત થતા જ ભૂલી જવાય છે તે માટે શું કરવું?''

''ચેતનામાં એકરૂપતા સ્થાપો, અખંડતા સ્થાપો, એ જ ઉપાય છે. તેથી જ્યારે પણ કાર્ય કરવા દરમિયાન પ્રભુ સાથે સંપર્ક તુટતાં જ તમે તત્કાલ બેચેની અનુભવશો. તમને પ્રભુ જ સૂચના આપશે. બેચેની થતા જ તમે ફરી પ્રભુ સાથે સંબંધ જોડી લેતા શીખો. આ જ પદ્ધતિ છે.''

''સાધનાની શરૂઆતમાં પુસ્તકો વાંચવા જરૂરી છે?''

''હા, તે સાધનાનાં ભાવોને પોષક હોવા જરૂરી છે. પણ ખરેખર એક વખત પ્રભુ સાથે સંપર્ક સધાઈ જતા જ તમે ગમે તે વાંચો, સાંભળો, જુઓ, તે પ્રભુનો જ સંપર્ક તમને કરી આપશે અને પ્રભુનો સ્પર્શ એટલે આંતરિક દિવ્ય આનંદ.''

''માતાજી, ભૂતકાળની ઘટનાઓ સાધક માટે જરૂરી હતી એમ કહી શકાય?''

''બેટા, જે બનવાનું હતું તે જ બની ગયું હોય છે. આપણાં જીવનને દિશા આપવા તે બનેલું હોય છે. પણ તે દિશા ભૌતિક કે માનસિક જીવનની હોતી નથી, પણ ચૈતસિક હોય છે. ઘટના પાછળ ચૈતસિક કારણો હોય છે. તેમાંથી બોધપાઠ લેવો ખૂબજ જરૂરી છે.''

''માતાજી, કોઈ પણ ઘટનાનો કાળ, સ્થળ પણ નિશ્ચિત હોય છે?''

''બેટા, તમે કઈ ચેતનાના સ્તરેથી તે ઘટનાને મૂલવો છો તેની ઉપર તેનો આધાર છે. અતિમનસ કક્ષાએ બધુ અગાઉથી જ જાણેલું હોવાથી તે બધું નિશ્ચિત આયોજન રૂપે લાગે છે. માનસિક-કક્ષાએ સંઘર્ષ અને પરિણામ બાબત ડામાડોળ સ્થિતિ અનુભવાય છે. પરમ-ચેતનામાં બધુ નિશ્ચિત હોવા છતાં પાર્થિવ ભૂમિકા ઉપર જાણે અનિશ્ચિતતાની લીલા રમાતી દેખાય છે. ત્યાં ઉપરના બન્ને દૃષ્ટિકોણનો સમન્વય સધાય છે. અનિશ્ચિતતા જ સ્વપ્રયત્ન, પુરૂષાર્થ વગેરેને મહત્વ આપે છે. તે અહંકારજન્ય સ્થિતિ હોય છે. ઊર્ધ્વ ચેતનામાં સ્વપ્રયત્ન પુરૂષાર્થ હોતો નથી. ત્યાં હોય છે, નિમિત્ત બનવાની ભાવના માત્ર. પ્રભુ જ પ્રયત્ન કરતાં અનુભવાય છે. પુરૂષાર્થ કરતાં જણાય છે. અજ્ઞાનમય ભૂમિકામાંથી ઉપર ઉઠવાથી મુક્તિનો અનુભવ આવે છે, કારણ તેમાં તમારી વિભાજીત-ચેતના જોડાઈને અખંડ બની જાય છે. પ્રભુની દિવ્યગતિના તાલમાં રહેવું એ જ યોગ સાધના છે. તેમાં નિમ્ન-ચેતનાના અભીપ્સા દ્વારા ઊર્ધ્વારોહણના પ્રયત્નને લીધે

(અનુ. પાના નં.૧૧ ઉપર)

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના માર્ચ ૨૦૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

## દિવ્યં દદામિ તે ચક્ષુઃ

માનવ જાતમાં ત્રણ પ્રકારની અંધતા હોય છે. પ્રથમ છે શારીરિક - અંધત્વ, જેમાં આંખની રોશની માનવ ગુમાવી બેસે છે. બીજુ છે, જગતના આપણા મનમાં પડતા પ્રતિબિંબોમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ. હેતૂપૂર્વક ધ્યાન ન આપવું. ત્રીજુ છે, આત્મા બાબતની અંધતા અર્થાત અભાનતા, આમાં આંખોની રોશની અને આત્મા બાબતની જીજ્ઞાસા હોવા છતાં આત્મા બાબતની અભાનતા ચાલુ જ રહે છે. પ્રથમ બે અંધતા પરિસ્થિતિજન્ય છે પણ ત્રીજી તો જાણે જન્મથી મળેલી છે. યોગનો સુઅવસર આવતા જ તે મટે છે. માનવી પ્રયત્નો જાણતા અજાણતા તે જન્મજાત બીજ ઉગી ન નિકળે તેવા થઈ પડે છે. પ્રભુની કૃપાથી જ્યારે તે સભાન બને છે ત્યારે તે બીજરૂપ ક્ષમતાને બહાર પ્રગટ કરવાનો પ્રયત્ન આદરે છે. તે બીજ તો ઘરબાએલું હોય છે. આપણા આત્મામાં ખૂબ જ ઊંડે ઊંડે. બાહ્ય અંધતા તો બધા જ પ્રકારનાં પ્રકાશો, આંતર અને બાહ્ય, પ્રત્યે અંધત્વ આપે છે. જે નિરાશાના તિમિરમાં માણસને ડુબાડી દે છે. તેથી આપણી પ્રખર અભીપ્સા દ્વારા આંતરિક અગ્નિને પ્રજવાળતાં રહેવું જરૂરી છે, જેથી કોઈ પણ પ્રકારનું તમસ આપણામાં પ્રવેશે નહિ.

(સુરદાસ શારીરિક રીતે અંધ હોવા છતાં આંતરિક આંખોથી તેમણે પ્રભુની લીલા નિહાળી છે, માણી છે અને આપણને જણાવી પણ છે. ભારતમાં અંધને આંધળો કહેતા નથી પણ પ્રજ્ઞાચક્ષુ કહે છે કારણ આવા લોકોની પ્રજ્ઞારૂપી ચક્ષુ આપણા કરતા પણ વધારે સક્ષમ હોય છે. બિથોવન જન્મથી આંધળો - બહેરો હતો પણ તેણે પોતાના અંતરાત્મામાં જે સ્વર્ગીય સંગીતની ધૂનો સાંભળી, તે તેણે પોતાની ધૂનો બનાવવામાં વાપરી જાણી.

ગીતામાં સાચુ કહ્યું છે કે જ્યાં આપણે સૂતા હોઈએ છીએ, ત્યાં યોગીઓ જાગે છે અને જ્યાં આપણે જાગીએ છીએ ત્યાં તેઓ સુતા હોય છે. આપણે જાગીએ છીએ વિકારોની આળપંપાળ કરવામાં, યોગીઓ તેમાં તદ્દન નિર્લેપ બની જાય છે.

પ્રભુ અમને બન્ને ચક્ષુ આપો - બાહ્ય અને આંતર, જેથી બાહ્ય લક્ષ્મી સાથે આંતર-શ્રીને પણ આવકારીએ. અમને પૂર્ણ રીતે 'શ્રીમાન' કર, પ્રભુ ! તંત્રી)

# ગીતામૃતમ્

## બુદ્ધિયોગ

પ્રકરણ - ૨

(ગીતા નિબંધો ભા.-૧, પ્ર-૧૦ ઉપર આધારિત)

અક્ષર-પુરૂષની અનુભૂતિમાં અહંકાર નામશેષ થઈ જાય છે અને યોગી એક નિરાકાર, અસીમ, નિષ્ક્રિય, નિર્લેપ ચેતનામાં જીવન ધારણ કરે છે. જીવનનાં બધા જ ક્રિયા-કલાપો પ્રત્યે દૃષ્ટાભાવ અથવા સાક્ષીભાવ ધારણ કરે છે. આને કારણે જે બુદ્ધિમાં, સમજણમાં આ સ્થિતિ જ સત્ય છે એવી કાયમી સ્વરૂપની શ્રદ્ધા અને નિષ્ઠા નિર્માણ થાય છે તેને જ બુદ્ધિયોગ કહેવાય છે બુદ્ધિયોગ એટલે આવી યોગિક અનુભૂતિ બાબતની બુદ્ધિને થએલ ખાતરી. તેને કારણે સમજણમાં એક કાયમી સ્વરૂપનું વલણ રચાય છે.

અર્જુનનો પ્રશ્ન કે આવી સાક્ષીભાવની સાધના કરતાં કરતાં યોગી મૃત્યુ પામે તો શું તેની સાધના વ્યર્થ જાય છે ? કારણ દરેક જન્મે મન, પ્રાણ, શરીર અર્થાત અપરાપ્રકૃતિ તો નવી જ હોય છે. જુનીનો ત્યાગ કરવામાં આવેલ છે. પણ શ્રી કૃષ્ણ કહે છે કે, ના તેવા યોગીને નવા જન્મમાં તેની સાધના કક્ષા મુજબનું બૌદ્ધિક વલણ તેનો ચૈત્યપુરૂષ નિર્માણ કરી જ આપે છે અને આવા વલણને જ બુદ્ધિયોગ કહ્યો છે (બુદ્ધિયોગંદધામ્યહમ્)

પણ આ સાંખ્યયોગ ઉપર આધારિત બુદ્ધિયોગમાં કર્મ એ પ્રકૃતિનો ભાગ હોય છે. તેથી કર્મનો પ્રશ્ન જ જડમૂળથી કાપી નાખવામાં આવે છે.

યોગનિષ્ઠામાં પુરૂષોત્તમ - ચેતનાની અનુભૂતિને આધારરૂપ ગણવામાં આવે છે. જેમાં ક્ષર અને અક્ષરપુરૂષ આ ઉત્તમપુરૂષને પોતાના જ સક્રિય અને નિષ્ક્રિય પાસા તરીકે અનુભવાય છે. તો આ યોગ-નિષ્ઠામાં જે કર્મને સ્વીકારેલ છે તે કઈ ભૂમિકાથી ? શ્રીકૃષ્ણ જણાવે છે કે તેમાં ક્ષરપુરૂષની કર્મ પ્રત્યેની ભૂમિકા કર્તા તરીકેની હોતી નથી પણ નિમિત્ત અથવા કરણ તરીકેની હોય છે. ઉત્તમપુરૂષનું અક્ષર પાસુ ક્ષરપુરૂષમાં પણ કર્તાભાવ નિર્માણ થવા દેતો નથી. તેથી કર્મો ક્ષરપુરૂષ દ્વારા થતા હોવા છતાં તે, તે કર્મનો પોતાને નિમિત્ત કે કરણ જ સમજે છે.

કરણ અને કર્તા વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે. કર્તામાં કર્તા પોતે જ કર્મનો આરંભ કરે છે, તેનું સંચાલન કરે છે અને તેને પૂર્ણ કરે છે તેવો ભાવ હોય છે. આ ભાવ તેના અહંકારને કારણે હોય છે. પણ ક્ષરપુરૂષમાં આવો અહંકાર તો અક્ષરપુરૂષની ચેતનાના સાન્નિધ્યને કારણે નાશ પામેલો હોય છે. તેથી તેમાં કરણનો ભાવ આવી જાય છે. કરણ પોતે કર્મનું સાધન જરૂર બને છે. પણ તે કર્મ પોતે આરંભતું નથી (અનારંભી) અને તેને પૂર્ણ કરવાનો સંકલ્પ પણ કરતું નથી (કર્મસંન્યાસમ્) પણ તેની દ્વારા પુરૂષોત્તમ ચેતના જ આ બધું કરતી હોય છે. કોઈ કુહાડાથી ડાળ કાપે તો કુહાડો કાપવાની ક્રિયા પોતે શરૂ કરતો નથી. કેવી રીતે ઘા કરવા તેનો નિર્ણય પણ લેતો નથી અને ડાળ કપાયા બાદ તે ક્રિયા બંધ પણ કરતો નથી કારણ તે કરણ છે, સાધન છે, નિમિત્ત છે. તે કરણને વાપરનાર જ આ બધાનો સ્રોત છે. તેમ ક્ષરપુરૂષ જે પહેલા કર્તાભાવ સાથે કર્મ કરતો હતો તે હવે કર્તાનો ભાવ છોડીને કરણ ભાવ સ્વીકારી લે છે અને આ રીતે તે કર્મ સન્યાસમાં પ્રવૃત થાય છે. આને જ નૈષ્કર્મ્ય-સિદ્ધિ કહે છે. આ પ્રકારે કેળવેલી સમજણને કારણે બુદ્ધિ જે પોતાની શ્રદ્ધા અને નિષ્ઠાને સ્વીકારી લે છે તેને જ બુદ્ધિયોગ કહેવામાં આવે છે. આ બુદ્ધિયોગ યોગનિષ્ઠાનો અથવા કર્મયોગનો છે.

આમ સાંખ્યયોગનો અને કર્મયોગનો બુદ્ધિયોગ, સ્વરૂપની દૃષ્ટિએ અલગ પડતો હોય છે. તેમાં કર્મયોગનો બુદ્ધિયોગ શ્રેષ્ઠ ગણ્યો છે (કર્મયોગંવિશિષ્યતે) આ જ ભૂમિકાથી શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે આ કર્મયોગનો બુદ્ધિયોગ સ્વિકારીશ તો તે તને કર્મના બંધનમાંથી મુક્ત કરશે. (કર્મબંધં પ્રહાસ્યસિ) આ જ વાત શ્રીકૃષ્ણ બીજી રીતે પણ જણાવે છે કે ક્ષરપુરૂષના બધા જ કર્તાભાવ જેવા મનોધર્મો તું ત્યાગીને કરણભાવ ધારણ કરીશ તો હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ (અહં ત્વા સ્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ૧૮.૬૬)

આવી રીતે બુદ્ધિના બે પ્રકાર પડે છે. વ્યવસાયાત્મિકા અને અવ્યવસાયાત્મિકા. વ્યવસાયાત્મિકા બુદ્ધિમાં બુદ્ધિ પોતાનું સાચુ દિવ્યકાર્ય અર્થાત વ્યવસાય જે બુદ્ધિયોગ છે તેમાં જ એકાગ્ર થઈને તેને જ અનુસરવા માંડે છે જ્યારે અવ્યવસાયાત્મિકા બુદ્ધિ પોતાનો સાચો દિવ્ય વ્યવસાય અર્થાત બુદ્ધિયોગ ભૂલીને અન્ય ભ્રાન્ત વ્યવસાયોમાં જ ગૂંચવાઈ જાય છે.

બુદ્ધિ મારફત જ્યારે સત્યજ્ઞાન આપનારી પ્રજ્ઞા-શક્તિ કાર્ય કરવા માંડે છે ત્યારે જ તે વ્યવસાયાત્મિકા બની શકે છે. તેને જ સ્થિત પ્રજ્ઞ કહે છે. (તસ્યપ્રજ્ઞા પ્રતિષ્ઠતા - ૨/૬૮)

સામાન્ય બુદ્ધિએ કર્તાભાવથી કરેલા કર્મો ખૂબજ નિમ્નકક્ષાના હોય છે. તેના કરતાં બુદ્ધિયોગથી કરેલા કર્મો શ્રેષ્ઠ હોય છે. (દૂરેણ હયવરં કર્મ બુદ્ધિયોગાત્ - ૨.૪૯) તેથી સાચા યોગીએ આવા બુદ્ધિયોગની જ શરણાગતિ સ્વીકારવી જોઈએ. (બુદ્ધૌ શરણમન્વિચ્છ ૨.૪૯)

આ બુદ્ધિયોગથી મળેલું જ્ઞાન શ્રેષ્ઠ સ્વરૂપનું હોય છે. જ્ઞાનાર્જન પ્રક્રિયામાં ઈન્દ્રિયો, મન, સામાન્ય બુદ્ધિ અને પ્રજ્ઞા બધા જ એકથી એક ચડતા ક્રમે મહત્વ ધરાવે છે. (૩.૪૨)

વ્યવસાયાત્મિકા બુદ્ધિ ઈન્દ્રિયોના પોત પોતાના વિષયો પ્રત્યેના આકર્ષણમાંથી તેમને પાછા વાળે છે. જેમ કાચબો સંકટકાળે પોતાના પગ સંકોરે તેમજ આ ઘટના બને છે. તેથી ગીતા કહે છે વિષયાઃ વિનિવર્તન્તે નિરાહારસ્ય - (૨.૫૯) પણ આનો આધાર કોઈ માનસિક આદર્શ ન રહેતા પુરૂષોત્તમનો સાક્ષાત્કાર હોય છે. (પરં દૃષ્ટવા - ૨.૫૯) અને આ પરમ-ચેતનાનો અનુભવ થાય છે કારણ તેની બુદ્ધિ તે પરમ-તત્ત્વ સાથે જોડાયેલી હોય છે અર્થાત બુદ્ધિયોગમાં સ્થિર હોય છે (યુક્ત આસીત મત્પરઃ (૨.૬૧) આવી રીતે જ્યારે યોગીની બુદ્ધિ અર્થાત ધિઃ પેલા પરમતત્વમાં સ્થિર થાય છે ત્યારે તે અવસ્થાને જ 'સમાધિઃ' અથવા 'સ્થિતધિઃ' કહેવામાં આવે છે. તે યોગી 'સમાધિસ્થ' કહેવાય છે. (સ્થિતધિઃ કિં પ્રભાષેત સમાધિસ્થસ્ય કેશવ)

આવી રીતે બુદ્ધિયોગમાં સ્થિર થઈને કર્મો કરવા તે જ કર્મ કરવામાંની કુશળતા છે અને તે જ બુદ્ધિયોગ કહેવાય છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્' એટલે કર્મો કરવા છતાં તેના બંધનમાં ન પડવાનું કૌશલ્ય એ જ બુદ્ધિયોગ છે. આવો યોગી બ્રાહ્મી-સ્થિતિ પ્રાપ્ત કરે છે. તે બ્રહ્મ ચેતનામાં પ્રતિષ્ઠિત થએલો હોય છે. જેમ સમુદ્રમાં અનેક નદીઓનું પાણી ઠલવાવા છતાં તે માઝા મુકતો નથી, તેમ અનેક કામનાઓ અને કર્મની નીકો આવા યોગીની ચેતનામાં ઠલવાતી હોવા છતાં તેની સમત્વબુદ્ધિ પોતાની નિર્લેપતા, સમતા, અવિચલતા છોડતી નથી (આપૂર્યમાણમચલં પ્રતિષ્ઠિતમ્ - ૨.૭૦)

સાચો યોગી આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સજાગ હોય છે પણ સામાન્ય માણસ માટે તો તે અજ્ઞાત વસ્તુ જ રહે છે. જે બાબતમાં લોકો સુતા હોય છે, તે માટે આવો સંયમી જાગે છે અને કામનાઓ પ્રત્યે જ્યાં યોગી સૂતો હોય છે ત્યાં સામાન્ય લોકો જાગે છે (યા નિશા સર્વ ભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી - ૨.૬૯)

* * *

# વેદ - વિજ્ઞાન

## વૈદિક સૂક્તો

પ્રકરણ - ૩ (ચાલુ)

## વૈદિક-દેવિ સૂક્ત

આંભૃણ ઋષિની કન્યા વાક્એ પોતાના સાધના દરમિયાન મા આદ્યા-શક્તિને જગતમાં અને પોતાના શરીરમાં ક્યા ક્યા સ્વરૂપે કાર્ય કરતાં અનુભવ્યા તેનું વર્ણન આ સૂક્તમાં કરેલ છે. ઋષિ-કન્યા પોતાને મા આદ્યાશક્તિ સાથે એકરૂપતા અનુભવે છે. તેથી અહિં જગન્માતા માટે ''અહમ્ - હું'' શબ્દ વાપરે છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ પરમ-પ્રભુ માટે હું શબ્દનો પ્રયોગ ગીતામાં કર્યો જ છે.

મંત્રોનો સાચો ભાવાર્થ સમજાતા આપણને ખાત્રી થશે કે દેવ જગતની પાછળ રહેલ આદ્યા-શક્તિ બાબત વૈદિક-ઋષિઓ જાણતા જ હતા અને તે શારીરિક કોષોમાં કેવી રીતે કામ કરે છે તેની પણ ઝાંખી તેમને થએલી હતી. દુર્ભાગ્યે આ દિવ્યજ્ઞાનની પરંપરા વિવિધ કારણોસર લોપ પામી હતી. અને તે ફરી પૂર્ણયોગના નવા કલેવરમાં પોતાની મેળે પ્રગટ થઈ રહી છે. માતાજી કે શ્રી અરવિંદે આ દિવ્ય-જ્ઞાન વેદો વાંચીને જાણેલું નથી પણ પોતાની સ્વાનુભૂતિથી મેળવેલ છે એ નિશ્ચિત છે. માતાજીની શારીરિક કોષો બાબતની નોંધેલી અને વિશ્વસનીય એવી અનુભૂતિઓ આનો નક્કર પુરાવો છે. તો ચાલો સમજીએ ઋષિ-કન્યાની દિવ્ય અનુભૂતિ.

દેવી ભાગવતમાં દેવોના સામુહિક તેજમાંથી મા જગદંબા આવિર્ભાવ પામ્યા એવું વર્ણન છે જ્યારે વેદોમાં દેવોને જન્મ આપનાર જગન્માતા દર્શાવ્યા છે. આવો વિરોધાભાસ શા માટે ? જવાબ એ છે કે બીજુ વર્ણન અવતરણ પ્રક્રિયાનું છે અર્થાંત અવક્રાંતિની પ્રક્રિયા અનુસારનું છે જ્યારે પ્રથમ વર્ણન ઉત્ક્રાંતિ કાળનું છે એ સમજશું તો તેમાંનો વિરોધાભાસ નષ્ટ થઈ જશે. સીડી ચડતી વખતે પહેલું પગથિયું ઉતરતી વખતે છેલ્લું થાય છે એ આપણો અનુભવ છે જ.

**અહં રૂદ્રેભિર્વસુભિશ્ચરામિ । અહં આદિત્યૈઃ ઉત્ વિશ્વદેવૈઃ । અહં મિત્રાવરુણોઉભૌબિભર્મ્યહમિન્દ્રાંગ્નિં અહમશ્વિનોભા ॥૧॥**

હું જ (અહમ્) ઉગ્ર આઘાતો કરનાર સૂક્ષ્મ જગતનાં ઘડતરો દ્વારા બહારથી (રૂદ્રેભિઃ) તેમજ પાર્થિવ કોષોમાં વસનાર ચેતનાનાં અંશો દ્વારા અંદરથી (વસુભિઃ) ગતિમાન થાઉં છું અર્થાંત કાર્ય કરું છું (ચરામિ) હુ જ પરમપ્રભુની દિવ્ય-શક્તિ અદિતિના આવિર્ભાવના કેન્દ્ર સમા આદિત્ય દ્વારા (આદિત્યૈઃ) તેમજ (ઉત) તે જ દિવ્યશક્તિનાં વિવિધ વ્યક્તિ-સ્વરૂપ, જગતનું સંચાલન કરનાર વિશ્વદેવો રૂપે પણ કાર્ય કરું છું. હું જ સાધકને આંતર સ્ફૂરણાઓ આપી મદદ કરનાર મિત્ર, અચિતના પાશોનો કડવો અનુભવ કરાવનાર વરૂણનાં રૂપો ધારણ કરીને (મિત્રાવરૂણોભાઃ) કાર્ય નિભાવું છું (બિભર્મિ) હું જ સાધકમાં આંતરદર્શન, આંતર શ્રવણ જેવી ઘટનાઓ રચનાર પ્રકાશિત મન સ્વરૂપ ઈન્દ્ર, સાધકનાં હૃદય ગુફામાં પ્રગટ થએલ અગ્નિ સ્વરૂપ ચૈત્યપુરૂષ અને શરીરમાં વહેતી ધન-ઋણ વિદ્યુતના પ્રવાહો જે વૈશ્વિક પ્રાણ શક્તિનાં જ પરિણામ સ્વરૂપ છે તે અશ્વિનીકુમાર રૂપે જગતનું સંચાલન કરું છું (અહામિંદ્રાગ્નિં હમશ્વિનોભા)

**અહં સોમ મહાનસં બિભર્મહં ત્વષ્ટારમુત પુષણં ભગમ્ । અહં દધામિ દ્રવિણં હવિષ્મતે સુપ્રાવ્યે ઉત્ યજમાનાય સુન્વતે (૨)**

હું જ (અહં) સાધકને પોતાના સમગ્ર શરીરમાં અનુભવાતા સૌમ્ય શીતલ પ્રકાશ રૂપ આનંદના વિશાળ પ્રવાહ સ્વરૂપ (સોમ મહાનસં) સોમનું રૂપ ધારણ કરું છું. હું જ વિચાર, ભાવના, પ્રેરણાના ઘાટોને ઘડનાર સુથાર સ્વરૂપ ત્વષ્ટા છું (ત્વષ્ટારમ્) તેમજ (ઉત્) શારીરિક કોષોને પોષણ આપી આપણા જીવન - ધારણાને પોષણ આપતો પૂષન્ છું (પૂષણમ્) તથા જગતની ઉત્પતિના કેન્દ્ર સમો ભગ છું (ભગમ્) હું જ આંતરિક રૂપાંતરની યોગ-પ્રક્રિયાઓ દ્વારા દિવ્ય-દેહ રચવાનું યજ્ઞ-કાર્ય કરનાર (હવિષ્મતે) સાધકને પણ (યજમાનાય) દિવ્યદેહ માટેનું દ્રવ્ય (દ્રવિણમ્) આપું છું જેને કારણે તેને દિવ્યકર્મો (સુન્વતે) કરવાનું શક્ય બને છે (સુપ્રાવ્યે) તે દિવ્ય-જીવન જીવવા સક્ષમ બને છે.

**અહં રાષ્ટ્રી સંગમની વસૂનાં ચિકિતુષી પ્રથમા યજ્ઞિયાનામ્ । તાં માં દેવા વ્યદ્ધુઃ પુરત્રા ભુરિસ્થાત્રાં ભૂર્યાવિશયંતીમ્ ॥ ૩ ॥**

હું જ અસંખ્ય શારીરિક કોષોમાં રહેનાર ચેતનાનાં અંશોને (વસૂનામ્) એકત્ર કરી (સંગમની) શરીરમાં એક જ એકમ તરીકે (રાષ્ટ્રો) પ્રગટ થતી દિવ્ય-શારીરિક-ચેતના છું. હું જ પરમ-પ્રભુને જાણનારી (ચિકિતુષી) અને પરમ-

(અનુ. પાના નં.૨૯ ઉપર)

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૪

## છાંદોગ્યોપનિષદની સોહં - વિદ્યા

(૪/૪.૯)

અસીમ, નિરાકાર, નિષ્પંદ, પ્રકાશમય, પરમ-શુદ્ધ ચેતનાને બ્રહ્મ ચેતના કહે છે. પણ આ ચેતનામાં સક્રિય થઈ સીમિત, સાકાર, સક્રિય અને સ્થૂળ ઘનિભૂત થવાની પણ જન્મજાત ક્ષમતા છે.

આવી બ્રહ્મચેતનામાં અનંતરૂપે, વિવિધરૂપે પ્રગટ થવાનો સંકલ્પ સ્ફૂર્યો. સંકલ્પની ધ્રુજારીએ તેમાંથી 'નાદ' નિર્માણ કર્યો. નાદમાંથી આંદોલનો નિર્માણ થયાં. આંદોલનોમાંથી વર્ણો (સ્વર, વ્યંજનો) નિર્માણ થયાં. (વાક્ નિર્માણ થઈ) વર્ણોનો અર્થ છે. પ્રકાશ રંગો. આ પ્રકાશ રંગો સનાતન સ્વરૂપનાં છે. પણ તે વ્યક્ત અથવા અવ્યક્ત થતાં જ રહે છે. તેથી તે અવિનાશી અર્થાત 'અક્ષર' કહેવાયા. આવા પ્રકાશમય આંદોલનોને છંદ કહેવાય છે. આવા છંદોને કારણે બ્રહ્મ-ચેતનાનું મૂળ સ્વરૂપ ઢંકાઈ જાય છે. તેથી તે આચ્છાદન બની જાય છે. માટે તેને છંદ (છાદયતે આચ્છાદયતે ઈતિ છંદઃ) કહેવાય છે. પણ આખરે આ છંદો પણ બ્રહ્મતત્વની જ અભિવ્યક્તિ તો હોય જ છે તેથી તેને આંશિક-અભિવ્યક્તિ અર્થાત 'પાદ' કહેવામાં આવે છે. 'પાદ' એટલે પાસુ (aspect)

છાંદોગ્યોપનિષદ આવું છંદને લગતું ઉપનિષદ છે. તેમાં બ્રહ્મ-ચેતનાની પાદ સ્વરૂપે કેવી રીતે ઉપાસના કરવી તેનું પણ માર્ગદર્શન ઋષિઓ આપણને આપે છે.

તે નિમિત્તે સત્યકામ જાબાલનો પ્રસંગ આવે છે અને તેણે બ્રહ્મની સપાદ ઉપાસના કરી હતી  તેનું વિવરણ પણ આવે છે.

સત્યકામ જાબાલિ નામના એક દાસીનો પુત્ર. દાસી વૈદિક કાળમાં માલિકની ઉપપત્નિ તરીકે પણ રહેતી. (વિદુર પણ દાસી - પુત્ર હતા એ જાણીતી વાત છે.)

સત્યકામને નામ પ્રમાણે જ આશ્રમમાં જઈને સત્ય જાણવાની બ્રહ્મવિદ્યા શિખવાની જિજ્ઞાસા થઈ. એ વખતે દરેક ગોત્રનો નિશ્ચિત આશ્રમ રહેતો. અને જે તે ગોત્રના વંશજો પોતપોતાના ગોત્રગુરૂ પાસે જ ભણવા જાતા.

સત્યકામે માતાને પોતાનું ગોત્ર પૂછ્યું જાબાલિએ કહ્યું ''બેટા, હું યુવાન થઈ ત્યારથી અનેક ગોત્રોના કુટુંબમાં દાસી તરીકે રહી. એટલે તારા પિતા કોણ છે અને તારું ગોત્ર શું છે તે હું ખરેખર જાણતી નથી. તું આશ્રમમાં જઈને સાચી વાત જ જણાવ જે.''

સત્યકામ પાસેના જ જંગલમાંના હારિદ્રુમત ઋષિના આશ્રમમાં ગયો અને ઋષિને આશ્રમમાં ભણવાની ઈચ્છા વ્યક્ત કરી. ઋષિએ ગોત્ર પૂછતાં સાચી વાત જણાવી. ઋષિને તેની સાચી અને સ્પષ્ટ વાત ગમી. તેને બ્રાહ્મણપુત્ર માની આશ્રમમાં પ્રવેશ આપ્યો. ઉપનયન સંસ્કાર કર્યો.

તેને ઋષિએ એક કપરું કામ સોંપ્યું. આશ્રમની ચારસો ગાયો જંગલમાં લઈ જઈ તે હજાર ન થાય ત્યાં સુધી જંગલમાં જ રહી બ્રહ્મતત્વ બાબત ચિંતન - મનન કરવા કહ્યું.

સત્યકામ જાબાલ તો ગાયોનું ધણ લઈ જંગલમાં ઉપડ્યો. જંગલનું શાંત વાતાવરણ, ગાયોની નિરાગસતા, બ્રહ્મ જાણવાની ઉત્સુકતા અને નિસર્ગના સૌંદર્યે તેને વૃક્ષો, જીવજંતુ, પ્રાણી, પશુઓમાં પ્રગટ થતી એ અખંડ ચેતના વિષે વિચાર કરતો કર્યો. તેને વિવિધ જીવન દ્વારા પ્રગટતી એક જ ચેતનાનો ખ્યાલ આવ્યો. તે તેવી નિરાકાર ચેતનાના ચિંતનમાં મગ્ન રહેવા લાગ્યો. હવે તો તેને તે ચેતના નિર્જીવ વસ્તુઓમાં પણ પ્રગટ થતી દેખાવા લાગી. ચંદ્ર, સૂર્ય, અગ્નિ, તારાઓ, ઝરણાઓ, નદીઓ, સર્વ દિશાઓમાં પણ સભર ચેતનાનો અનુભવ આવવા લાગ્યો.

એક દિવસ પોતાનાં જ ધણમાંના એક પોતાના સાથીથી વિખૂટા પડેલા વૃષભને ચારે દિશામાં મુખ કરી ભાંભરતો જોયો. જાણે તે સત્યકામને કહેતો હોય, ''અરે ચારે દિશામાં હું જ છું. સત્યકામને વિચાર આવ્યો. ચારે દિશામાં ક્યા સ્વરૂપે આ બ્રહ્મતત્વ રહ્યું હશે ? તેના મને જવાબ આપ્યો. અરે તે વાયુના પણ વાયુ રૂપે સર્વત્ર છે. અને સત્યકામને બ્રહ્મ-ઉપાસનાની એક યુક્તિ મળી, તે બ્રહ્મને વાયુની જેવી સૂક્ષ્મ અસ્તિત્વ ધરાવતી ચેતના તરીકે આરાધવા લાગ્યો. વાયુએ જાણે બ્રહ્મ ચેતનાને પ્રગટ કરવાની વિદ્યા આપી. તે મનમાંને મનમાં વાયુને પ્રાર્થના કરવા લાગ્યો. ધ્યાન મગ્ન થઈ ગયો.

આંખો ખોલી તો પેલો વૃષભ તેના હાથ ચાટી રહ્યો હતો. સત્યકામ ભાવ વિભોર બની બોલ્યો. ''હે વૃષભ, આપ પ્રત્યક્ષ વાયુ દેવતા જ છો આપને વંદન કરૂં છું.''

બ્રહ્મ-ચેતનાના એક પાસાનો (છંદનો) સત્યકામને ખ્યાલ આવ્યો. તે પાસુ છે સર્વવ્યાપી સૂક્ષ્મ અસ્તિત્વ સ્વરૂપ પાસું. તે સર્વત્ર છે તેથી જ બ્રહ્મ તત્વ બધે જ પ્રગટ થઈ શકે છે. આ બ્રહ્મ-ચેતનાના સર્વવ્યાપીતાનાપાસાનો સાક્ષાત્કાર હતો. અને તેણે નામ આપ્યું 'પ્રકાશવાનપાદ' અર્થાત બ્રહ્મ ચેતનાને પ્રગટ કરતું સર્વ વ્યાપકતાનું પાસુ. થોડા દિવસ આમ જ વિત્યા. ત્યારે શિયાળાના દિવસો હતાં. એક રાત્રે સત્યકામ અગ્નિ પેટાવી રાત્રે થંડીથી હુંફ મેળવવા પ્રયત્ન કરી રહ્યો હતો. ત્યારે અચાનક તેને વિચાર સ્ફૂર્યો, 'આ ભૌતિક અગ્નિ દ્વારા જાણે બ્રહ્મ-ચેતના પ્રકાશ સ્વરૂપે પ્રગટ થઈ રહી છે.'' તો પછી મારા પ્રાણમય કક્ષાએ ક્યો પ્રકાશ છે ? જવાબ મળ્યો, ''ભાવનાએૈ નિર્માણ કરેલા ભાવચિત્રોનો પ્રકાશ.'' (માનસપ્રતિમાઓનો) તે મનની આંખોથી જ જોવાય છે તેથી તેને 'અંતરીક્ષ' કહે છે. અંદર જ દેખાવું (અંતર+ઈક્ષ) એ જ અંતરિક્ષ. તો પછી મનોમય કક્ષાએ તે પ્રકાશ કેવો હશે ? તરત સત્યકામને જવાબ મળ્યો દિવ્ય-વિચારોની આંતર સ્ફૂરણાથી મનમાં ફેલાતાં જ્ઞાનનો પ્રકાશ. તેને દ્યુલોક કહે છે. દ્યુ એટલે વીજળી, ઝબકારો, અન્તઃપ્રેરણામાં ઝબકારો વીજળી જેવો આવતો હોય છે. તેથી તે દ્યુલોક.

તો આ મનોમય પ્રદેશથી ઉપર વિજ્ઞાનમય પ્રદેશમાં ક્યો પ્રકાશ હશે ? અને તેને જવાબ મળ્યો નિરાકાર ચેતનાના અસીમ સમુદ્રનો પોતાનો ચેતનાનો પ્રકાશ. ચૈત્યપ્રકાશ, અસીમ નિરાકાર પ્રકાશ.

સત્યકામ અગ્નિએ તેને શિખવેલ આ બ્રહ્મ ચેતનાના અંતિમ નિરાકાર ચેતના સુધીના પાસાના જ્ઞાન માટે અગ્નિની પ્રાર્થનામાં લીન બની ગયો. ધ્યાન તુટ્યું ત્યારે અગ્નિ શમી ગયો હતો. જાણે અગ્નિ-દેવે કામ પતાવી વિદાય લીધી હતી. સત્યકામે આને 'અન્તવાન્' પાસા તરીકે નામ આપ્યું. અંતવાન એટલે શ્રેઠતમ ઊંચાઈ બાબતનું પાસુ. તેને બ્રહ્મચેતનાની શ્રેષ્ઠતા જણાઈ.

થોડો સમય પસાર થઈ ગયો. ઉનાળાની ઋતુ હતી. ખરા બપોરે એક વટવૃક્ષની નીચે સત્યકામ ગાયો સાથે આરામ કરી રહ્યો હતો. ગાયો વાગોળવામાં મગ્ન હતી. ત્યાં વડલાની ડાળે સત્યકામે એક હંસને બેઠેલો જોયો. એકદમ શ્વેત અને શુભ્ર. તે સત્યકામ સામે તાકીને જોઈ રહ્યો હતો. જાણે કાંઈ કહેતો ન હોય !

સત્યકામને લાગ્યું તે કાંઈ કહી રહ્યો છે. સત્યકામને વિચાર આવ્યો. હંસ આકાશમાં વિહરે. આ તપતો સૂર્ય પણ આકાશમાં વિહરી રહ્યો છે. સત્યકામ મનમાં હસ્યો, 'બન્ને હંસ જ છે.' પણ હંસ તો સરોવરમાં પણ વિહરે. નદીમાં

પણ વિહરે, સરોવર કાંઠે પણ વિહરે, પણ સૂર્ય ! તે તો.....''

ત્યાં તેના મનમાં ઝબકારો થયો સૂર્યપણ વિવિધ ઠેકાણે પ્રકાશ તરીકે વિહરે જ છે ને ? અગ્નિમાં પણ તેજ છે. ચંદ્રમાં પણ તેજ છે. અરે, વિજળીમાં પણ તેજ છે. શું આ તેજ બ્રહ્મ-ચેતનાનો આવિર્ભાવ ન કહેવાય ? કહેવાય જ ને. આ તેનું પ્રકાશમય પાસુ છે. તેથી સત્યકામે તેને 'જ્યોતિષ્માન' પાસુ તરીકે નામ આપ્યું. સત્યકામ સૂર્યની પ્રાર્થનામાં આભારવશ મગ્ન થઈ ગયો. ધ્યાન તુટ્યું ત્યારે સૂર્ય ઢળી રહ્યો હતો.

બીજે દિવસે સાંજે ગાયોને નદીએ પાણી પીવા સત્યકામ લઈ ગયો હતો. ગાયો આરામથી પાણી પી રહી હતી. સત્યકામ એક પથ્થર ઉપર બેસી નદી તરફ જોઈ રહ્યો હતો. ત્યાં તેણે એક બગલાને (મદ્‌ગુ) છીછરા પાણીમાં ઉભેલો જોયો. તે એકાગ્ર થઈને પાણીમાં જોઈ રહ્યો હતો. તેની આંખો, કાન, મન, પ્રાણ સમગ્ર માછલી જોવામાં એકાગ્ર બનેલાં હતાં. અચાનક તેણે ઝપટ મારી માછલી પકડી અને કિનારે સત્યકામની પાસેના પથ્થર પર બેસી તે માછલીને ગળવા લાગ્યો. સત્યકામને વિચાર આવ્યો. આ બગલામાં પણ બ્રહ્મ-ચેતના તેની આંખો, કાન, મન, પ્રાણ દ્વારા જ્ઞાન સ્વરૂપે પ્રગટ થઈ રહી હતી. સત્યકામને બ્રહ્મ-ચેતનાનું જ્ઞાન-સ્વરૂપ પાસુ ધ્યાનમાં આવ્યું. પણ જ્ઞાન તો ચેતન સ્વરૂપ પ્રાણી જ મેળવી શકે છે. અને ચેતન પ્રગટાવવું એ તો પ્રાણનું કાર્ય છે. પ્રાણ છે તો જ ચેતના પ્રગટે. તેણે મનોમન પ્રાણ દેવને વંદન કર્યાં. તે શરીરમાં રહેતો હોવાથી તેણે આ પાસાને 'આયતનવાન' પાસુ નામ આપ્યું. આ રીતે સત્યકામ બ્રહ્મ-ચેતનાને ચાર સ્વરૂપે ઉપાસવા લાગ્યો. અસીમ અસ્તિત્વ તરીકે, શ્રેષ્ઠ-તત્વ તરીકે, પ્રકાશ સ્વરૂપે અને જ્ઞાન સ્વરૂપે. તે બ્રહ્મ-ચેતનાને ચાર પાસામાં જાણવામાં કુશળ થઈ ગયો.

ગાયોની સંખ્યા હજાર થઈ ગઈ હતી. સત્યકામ આશ્રમે પાછો ફર્યો. તેના મુખ ઉપરનું તેજ જોઈ ગુરૂ હારિદ્રુમત બોલ્યાં, ''સત્યકામ તારું મુખ બ્રહ્મ તેજથી ઝળહળી રહ્યું છે. તને કોણે બ્રહ્મવિદ્યા શિખવી ? 'ગુરૂદેવ, મને વાયુ, અગ્નિ, સૂર્ય અને પ્રાણ દેવતાઓએ આ વિદ્યાનાં ચાર પાસા શિખવ્યાં છે. આપ કૃપા કરીને બાકીનાં પાસા શિખવો.

''વત્સ, બ્રહ્મ ચેતના તું જ છે. એ તેનું અંતિમ પાસુ છે. તેવી રીતે ઉપાસના કર (તત્વમસિ) અર્થાત તું પોતે અસીમ, શુદ્ધ, પ્રકાશમય, જ્ઞાનમય છે. એવો અનુભવ કર'' (અપૂર્ણ)

# ભારતીય સંસ્કૃતિ

## ભારતીય ધર્મનું સ્વરૂપ

પ્રકરણ - ૨

ભારતીય સંસ્કૃતિનાં પાયા - પેજ ૧૩૩-૧૫૧ ઉપર આધારિત)

ભારતીય સંસ્કૃતિનો શક્તિ સ્રોત અને નિયામક તત્વ તેની આધ્યાત્મિક નિષ્ઠા છે. અધ્યાત્મને જ ભારતીય સંસ્કૃતિમાં સનાતન-ધર્મ કહે છે. આ સનાતન ધર્મમાં કર્મકાંડ, વ્રતો, બાહ્ય પૂજાપાઠનો સમાવેશ થતો નથી પણ આત્મ-સાક્ષાત્કાર માટે કરેલાં આંતરિક પ્રયત્નોનો જ સમાવેશ થાય છે. આત્મ-સાક્ષાત્કાર એજ ભારતીય-સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ ધ્યેય છે. તે જ જીવનને ઘાટ આપે અને જીવનદ્વારા પ્રગટ થાય એ જ દિવ્ય-જીવન ગણાય છે.

આ અધ્યાત્મમાં સર્વ સમાવેશ વિશાલતા છે બધી જ કક્ષાની આધ્યાત્મિક અનુભૂતિઓનો તેમાં સહજ રીતે સમાવેશ થાય છે અને દરેક વ્યક્તિને પોતાની પસંદગી મુજબ કોઈ પણ કક્ષાનાં અધ્યાત્મ-પંથને સ્વીકારવાની સ્વતંત્રતા આપી છે. તેથી એક જ કુટુંબની બે વ્યક્તિઓની ઈષ્ટ દેવતા અલગ અલગ હોય તો તેમાં કોઈ આશ્ચર્ય પામતું નથી.

આ અધ્યાત્મમાં ખૂબજ વ્યવહારુ અભિગમ પણ છે. જે નીચેની વિગતોથી સ્પષ્ટ થાય છે.

૧ જગતના મૂળ તત્વ સ્વરૂપ એક પરમ-ચેતના છે જે અવર્ણનીય છે તેનો સાક્ષાત્કાર કરવો એ જ જીવનનું લક્ષ્ય ગણ્યું છે પણ તેનો સાક્ષાત્કાર કરવો અઘરો હોવાથી તેથી નિમ્ન કક્ષાની અધ્યાત્મસરણીને પણ વ્યવહારૂ માન્યતા આપી છે.

૨ જ્યાં સુધી ઉપરોક્ત સાધનાની ક્ષમતા ન આવે ત્યાં સુધી પૂર્વ તૈયારીરૂપે વિવિધ સાધના પદ્ધતિઓને માન્યતા આપી છે. આ ઉપાસનાઓ તરીકે પ્રસિદ્ધ છે.

૩ મૂળ સત્ય જાણવા વિવિધ દૃષ્ટિકોણો માન્ય રાખ્યાં છે જે વિવિધ દર્શનો તરીકે પ્રખ્યાત છે. આ રીતે તત્વજ્ઞાનમાં પણ વ્યવહારૂ વિવિધતા માન્ય કરી છે.

૪ આ અધ્યાત્મના સાહસને ઉપયોગી એવી જીવન પદ્ધતિ અને સમાજ વ્યવસ્થા આશ્રમ પદ્ધતિ અને વર્ણવ્યવસ્થા તરીકે વિકસાવી છે. આ કરવાનું કારણ

એ છે કે અધ્યાત્મ માટે જીવનનું કોઈ પાસુ ત્યાજ્ય ગણ્યું નથી.

ભારતીય સંસ્કૃતિમાં મતમતાંતરો એ એક જ સત્યને વર્ણવવાના વિવિધ પ્રકારો માત્ર છે. 'એકં સત્ વિપ્રાઃ બહુધા વદંતિ' એક જ સત્યને જાણકાર લોકો વિવિધ શબ્દોથી વર્ણવે છે.

પરમ-ચેતના સાથે એકરૂપ થવું, એને જ આ સંસ્કૃતિ મહત્વનું ગણે છે.

આધ્યાત્મિકતાને સંતોએ કાવ્યદ્વારા, સાહિત્યદ્વારા, નાટકોને પુરાણો દ્વારા, ગીતો દ્વારા, સામાન્ય જનમાનસમાં રોપ્યું છે. સામાન્ય માનવ આવા ગંભીર આધ્યાત્મિક સત્યોના ચિંતન કરતાં પરમ-ચેતના પ્રત્યેના ભક્તિભાવને વધારે મહત્વ આપે છે અને તે સાચું પણ છે કારણ સત્યને બુદ્ધિ કરતાં હૃદય વહેલું સમજી શકે છે.

યુરોપીય-મનને આટલી વિવિધતા અને વિશાલતા ધર્મમાં હોઈ જ ન શકે એવું લાગવાથી તેને ભારત એક વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓનો શંભૂમેળો લાગે છે. પણ તે સત્ય વસ્તુ નથી. તેમની અજ્ઞાનતા અને ગેરસમજ માત્ર છે.

ભારતે કાયમ તેથી નવા આધ્યાત્મિક પ્રવાહોને સ્વીકાર્યા છે અને આત્મસાત કર્યા છે બોદ્ધ, જૈન, ઈસ્લામ અને ખ્રિશ્ચયન બધા જ ધર્મોને અહિં આવકાર મળ્યો છે. ધાર્મિક ઝનૂન અને ધાર્મિક-અત્યાચાર એ ભારતની પ્રકૃતિ નથી.

ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મની વિવિધતા નીચેના સ્વરૂપે ટકી રહી છે.

૧ વિવિધ સંપ્રદાયોનું સ્વતંત્ર અસ્તિત્વ

૨ વિવિધ કુળ ધર્મોનું અસ્તિત્વ

૩ વિવિધ ગુરૂ પરંપરાને માન્યતા

૪ ભારતીય પરંપરાઓમાં કોઈ દેખાઈ આવતું કાળાનુસારનું સહજ બાહ્ય પરિવર્તન જે આંતરિક સત્યને અકબંધ રાખીને કરવામાં આવતું હતું.

પણ તે અધ્યાત્મમાં સંસ્કૃતિને ટકાવી રાખવાનો વ્યવહારૂ અભિગમ પણ છે. દા.ત. (૧) બૌદ્ધ સંઘની રચના

(૨) અનુરૂપ સાહિત્ય સર્જન

(૩) તે મુજબનાં સ્થાપત્ય, સ્તૂપો, મંદિરો, તીર્થક્ષેત્રો

(૪) મઠોની વ્યવસ્થા

(૫) પ્રવચનો કીર્તનોની પદ્ધતિ

આવી રીતે સ્વતંત્રતા અને વ્યવસ્થાનો સુભગ સંગમ રચાયો છે. જે ઋષિમુનિઓની વિચક્ષણતા, સત્યદર્શન અને દીર્ઘદૃષ્ટિનો પુરાવો છે.

માનવ બુદ્ધિથી નિર્ણય લે છે અને તેથી બુદ્ધિનો હકદાવો મજબૂત હોય છે તેની સાથે સુસંગતમાં રહીને ઉપર મુજબ કરેલા આયોજનને કારણે જ ભારતીય સંસ્કૃતિ ચિરકાળ ટકી રહેવા સમર્થ બની છે.

ભારતીય સંસ્કૃતિ કાયમ સમાજ વ્યવસ્થા બદલાતા તેની દ્વારા પોતાની જુના ઢબે પ્રગટ થવાનો આગ્રહ જતો કરે છે અને પ્રવર્તમાન વ્યવસ્થાને અનુરૂપ ક્લેવર ધારણ કરીને પ્રગટ થાય છે. આ તેની નમનીયતા અને સંવેદનશીલતા પણ તેને ટકાવી રાખવામાં ખૂબજ મદદરૂપ નિવડયાં છે.

બીજા પણ એક ધાર્મિક વાસ્તવિકતા બાબત ભારતીય સંસ્કૃતિ સજાગ છે. સમાજનાં સ્થિત્યંતર સાથે દેવોનાં સ્વરૂપો અને તેમનાં નામો અને કાર્યોની સમજણ બાબતમાં પણ સમાજમાં સ્થિત્યંતરો આવતા હોય છે. તે સમજણને નવા વિચારનાં લોકો તત્કાળ સ્વીકારે છે પણ જુનવાણી સ્વીકારતાં નથી. તેથી દરેક ધર્મમાં સાંપ્રદાયિક વિભાજન પડતા દેખાય છે. દા.ત. બૌદ્ધોમાં હીનયાન, મહાયાન, જૈનોમાં શ્વેતાંબર-દિગંબર, ઈસ્લામમાં સીયા-સુન્ની અને ખ્રિશ્ચનોમાં કેથોલીક-પ્રોટેસ્ટંટ. પણ આવા પ્રકારો ભારતીય ધર્મમાં પડયાં નથી. કારણ તે સંસ્કૃતિમાં વિવિધ દેવતાઈ રૂપો દ્વારા એક જ પરમતત્વ પ્રગટ થઈ રહ્યું છે, આ એકાત્મભાવ ભારતીયોનાં લોહીમાં છે. તેથી ઉપર મુજબનાં આઘાતો જ નામશેષ થઈ જાય છે. નવા દેવતા-સ્વરૂપો સ્વીકારવામાં આવે છે. કારણ તે કોઈ વિશેષ દેવી-શક્તિનાં સ્વરૂપો જ ગણવામાં આવે છે. આવુ વલણ ફક્ત પ્રગટ ચિંતકોનું જ નથી હોતું પણ સર્વ સામાન્ય માનવનું પણ હોય છે. કારણ પુરાણો દ્વારા સામાન્ય માનસને પણ આવી કેળવણી આપવામાં આવે છે. ભારતીય અધ્યાત્મ કાલાતીત, નામાતીત, આકારાતીત પરમ-ચેતના ઉપર આધારીત છે.

ભારતીય સંસ્કૃતિમાંની મૂર્તિપૂજા પણ કોઈ અંધશ્રદ્ધા ઉપર આધારિત માન્યતા નથી. તેને પરમ-તત્વનું પ્રતિક જ ગણવામાં આવે છે અને સાધનાના ઉર્ધ્વકક્ષાએ તેની જરૂર પણ રહેતી નથી એ પણ સર્વસામાન્ય માનવ પણ માને છે.

વૈષ્ણવો અને શૈવોમાં પ્રભુ સાથેના માનવીય-સંબંધોનું મૂલ્ય ઘણું આંક્યું

છે પણ તેમાં પણ વિષ્ણુ કે શિવ એ કોઈ magnifined human - માનવની જ વિશાળતર પ્રતિકૃતિ નથી. પણ પરમતત્વે ભક્તની ભાવનાને અનુરૂપ લીધેલ સ્વરૂપ માનવામાં આવે છે.

સત્યને અનેક દિશાએથી જોવાની વિશાળતા આ ભારતીય-ધર્મમાં છે તેને માટે કોઈ દિશા ત્યાજ્ય નથી.

ભારતીય-ધર્મની આ સમન્વયાત્મક ક્ષમતા અને સર્વગ્રાહી એકતાની પાર્શ્વભૂમિમાં જ ભારતીય જીવનપ્રણાલીની સાચી મહત્તા સમજાશે.

ભારતીય-ધર્મ ત્રણ મૂલભૂત આધ્યાત્મિક અનુભૂતિઓ ઉપર આધારીત છે.

૧ વેદોમાં વર્ણવેલ 'તત્ પરમ-સત્ જેને ઉપનિષદો સત્ચિત્આનંદ સ્વરૂપ કહે છે. માયાવાદીઓ બ્રહ્મ કહે છે, બૌદ્ધો શૂન્ય કહે છે. ભક્તો પરમેશ્વર કહે છે, શાકતો જગદંબા કહે છે, સાંખ્ય પુરૂષ કહે છે, તે જ બ્રહ્માંડનું અંતિમ તત્વ છે.

૨ તે અનંત અને શાશ્વત ચેતના પ્રત્યે માનવ વિવિધ અભિગમો ધારણ કરી આરોહણ કરે છે. જે વિવિધ યોગ-પ્રણાલીઓ તરીકે જણાય છે.

૩ પ્રભુ પોતે જ આ જગતમાં વિવિધરૂપે સાકાર થઈ રહ્યાં છે. અને પ્રત્યેક સાકારતા દ્વારા અનંતનું પાસુ પ્રગટ કરવા મથી રહ્યાં છે. આ સાકાર રૂપોમાં દિવ્યરૂપો પણ છે. બ્રહ્માવિષ્ણુ, રૂદ્ર તેમાંનાં રૂપો જ છે, જે આ આવિર્ભાવ-પ્રક્રિયાને અનુક્રમે શરૂ કરે છે, ટકાવી રાખે છે અને વિનાશ કરે છે. પણ આ બહુદેવતા વાદ નથી પણ બહુવિધ પ્રગટ થતો એકેશ્વર વાદ છે. વેદો જણાવે છે કે ''ઈન્દ્રો માયાભિઃ પુરૂરૂપો ઈયતે'' અર્થાત મૂળ આત્મતત્વ પોતાની દિવ્ય આવિર્ભાવ શક્તિથી વિવિધ આકારો ધારણ કરે છે.

આધુનિક બૌદ્ધિકો આ અનંત દૈવી રૂપોને પ્રતીકો તરીકે ખપાવે છે. વાસ્તવિકતા ગણતા નથી પણ વેદો તેમને વાસ્તવિક દૈવી સ્વરૂપો જ ગણે છે. વેદોની દૃષ્ટિએ વાસ્તવિકતા એ ફક્ત ભૌતિક વાસ્તવિકતા પૂરતી મર્યાદિત નથી. પ્રેમ જીવનની એક વાસ્તવિકતા છે પણ તે ભૌતિક નથી. આપણું જીવન ફક્ત ભૌતિક સ્તર પૂરતું મર્યાદિત નથી. તેમાં પાર્થિવ, ભાવનાત્મક, વૈચારિક અને ચૈતસિક એવા સ્તરો છે માનવી જીવન બહુસ્તરીય વાસ્તવિકતા છે એ માનવું જ રહ્યું. તો આ સ્તરો બીજે પણ માન્ય કરવામાં શું વાંધો છે.સારાંશ ભૌતિક ચેતના અને પરમ-ચેતના વચ્ચે અંતરિયાળ અનેક પ્રકારની વાસ્તવિકતાનાં સ્તરો છે જ.

ભારતીય ધર્મ (આધ્યાત્મિકતા)નું એક ગહન તત્વ છે. પરમ-તત્વનો અંશ

દરેક વ્યક્તિની અંદર અંતર્યામી તરીકે રહેલ છે. નહિં તો તે પરમ-તત્વની અનુભૂતિ આપણને થવી શક્ય જ નથી. આપણા અસ્તિત્વનો તે સહુથી દિવ્ય સ્તર છે તેને જ 'જીવ' કહ્યો છે. તેનું સક્રિય પાસુ ચૈત્યપુરૂષ છે. (ક્ષરપુરૂષ). તેનું નિષ્ક્રિય પાસુ આત્મા છે (અક્ષરપુરૂષ)

ભારતીય-અધ્યાત્મને ત્રણ સૂત્રો દ્વારા જણાવવું હોય તો તે નીચે મુજબનાં છે.

૧ આપણા આત્મજ્ઞાનના આડે આવતા અજ્ઞાનના પડને હટાવી નાખવું એ જીવનનો પરમ-પુરૂષાર્થ છે, મુખ્ય હેતુ છે.

૨ આપણાં અંતરાત્મા બાબત સભાન બનવું જરૂરી છે. જે પરમ-સત્યનો અંશ છે.

૩ આમ સભાન બનવાની પ્રક્રિયા એ જ જીવનનો હેતુ છે તે સિદ્ધ કરવાનો માર્ગ છે સાધના.

---

(પાના નં.૨૦નું આગળ) **વેદ - વિજ્ઞાન**

પ્રભુના આવિર્ભાવ-યજ્ઞને આગળ ધપાવનારી વૈશ્વિક-શક્તિઓ સ્વરૂપ યજ્ઞકર્તાઓમાંની (યજ્ઞિયાનામ્) સર્વ પ્રથમ આદિ-શક્તિ છું (પ્રથમા) હું એકજ આદ્યાશક્તિ હોવા છતાં (તાં માં) વિશ્વશક્તિઓ સ્વરૂપ દેવોએ (દેવા) પોતાના વિભિન્ન સ્વરૂપો દ્વારા (પુરુત્રા) મને પણ જાણે વિભાગી છે. (વ્યધ્ધું:) તેથી મારા વ્યષ્ટિ સ્વરૂપ શારીરિક-કોષો અને સમષ્ટિ સ્વરૂપ દેવો જેવાં અનેક (ભૂરીસ્થાત્રામ્) વાસ્તવ્ય સ્થાનો છે જેમાં પ્રવેશીને (વેશયંતીમ્) હું ત્યાં સ્થિર થઈ છું (ભૂર્ય)

**મયા સો અન્નમત્તિ યો વિપશ્યતિ યઃ પ્રાણિતિ યઈ શૃણોત્યુક્તમ્ ।**
**અમંતવો માં ત ઉપક્ષિયંતિ શ્રુધિ શ્રુત શ્રદ્ધિવં તે વદામિ (૪)**

શરીરે આવી રીતે મારા કારણે જે સામુહિક ચેતના રૂપી એક એકમનો ભાવ ધારણ કરેલ છે તેથી જ તે અન્ન લઈ શકે છે (અન્નમત્તિ) જોઈ શકે છે (વિપશ્યતિ) શ્વાસ લઈ શકે છે (યઃ પ્રાણિતિ) સાંભળે છે (યઈ શૃણોત્યુક્તમ્) એમ કહી શકાય કે મને આ રીતે ન સમજનાર (અમંતવો માં) તે શરીરો (ત) વારંવાર નાશ પામે છે (ઉપક્ષિયંતિ) (અર્થાત મને અનુભવી મારી દ્વારા શરીરના કોષોનું રૂપાંતર કરી દિવ્ય-દેહ રચાતા તે નાશ પામતું નથી) એ જ વસ્તુ (એવં) તમને કહું છું (તે વદામિ) હવે તો સાંભળો (શ્રુદ્ધિ) અને આ સાંભળેલું છે તેમાં શ્રદ્ધા રાખો (શ્રુત શ્રદ્ધિ) (કારણ આ મારી સત્ય-અનુભૂતિ છે.) (ક્રમશઃ)

# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ - ૧૨

## સદદીતો અસદતીતઃ । સન્મયઃ । ચિન્મયઃ ।
## આનંદમયઃ । અનાદિ અનંતઃ ॥

**તે સત્‌થી અતીત છે. અસદ્‌થી પણ અતીત છે.**
**તે સત્સ્વરૂપ છે. ચિત્-સ્વરૂપ છે. આનંદ સ્વરૂપ છે.**
**તે અનાદિ છે અને અંતહીન પણ છે.**

સામાન્ય માનવ જેને રંગરૂપ છે, અનુભવયા છે, તેને જ સત્ય અર્થાત અસ્તિત્વ ધરાવતુ માને છે. સત્ એટલે અસ્તિત્વ.

તત્વજ્ઞાનમાં સત્‌ની અનેક વ્યાખ્યાઓ આવે છે. જે અસ્તિત્વમાં છે તે જ સત્ છે આ મૂળભૂત વ્યાખ્યા છે. આના ઉપરથી વિવિધ વ્યાખ્યાઓ રચાઈ છે. જે અનુભવાય છે તે સત્ છે. આમ કહેનારા એવું માને છે કે જે અનુભવાતું નથી તે અસત્ છે. કોઈ વસ્તુનો આપણા જીવન ઉપર પરિણામ જ થતો ન હોય તો તે છે કે નહિ એમાં શું તફાવત પડવાનો છે. તેને અસત્ જ માનવું યોગ્ય થશે. આ એક વ્યવહારૂ ધોરણ છે. ચાર્વાક આવું માને છે. જે ઈન્દ્રિયોને અનુભવાય તે જ સાચુ બાકી બધુ ખોટું. પણ આમાં પ્રશ્ન થાય છે કે ઈન્દ્રિય એટલે શું ફક્ત ભૌતિક ઈન્દ્રિય. ફક્ત નાક, કાન, આંખો, સ્પર્શેન્દ્રિય અને સ્વાદેન્દ્રિય જ. શું મન આપણું ઈન્દ્રિય નથી ? તેને અનુભવાતું સત્ય માનવું કે અસત્ય. મનને નિદ્રામાં સ્વપ્ન પણ અનુભવાય છે, તેમાં જોવાય છે, સંભળાય છે. સ્પર્શ પણ અનુભવાય છે. સ્વાદ પણ અનુભવાય છે. તો શું કલ્પના જગત કે સ્વપ્ન લોકને સાચુ માનવું ?

ચાર્વાક પાસે આનો જવાબ નથી. શંકરાચાર્ય કહે છે. સત્યના પણ એકથી એક સૂક્ષ્મ સ્તરો છે. ભૌતિક જગત નક્કર, વાસ્તવિક સત્ય છે પણ કલ્પના જગતને પણ પોતાનું સત્ય છે જ. તેથી એકને તે વ્યવહારિક સત્ય કહે છે બીજાને પ્રાતિભાસિક સત્ય. પ્રતિભાસ એટલે ભાસ થવો. અનુભવાવું.

અમુક લોકો જે અનાદિ છે, અનંત છે અર્થાત જેની શરૂઆત કે અંત નથી જે સનાતન છે તેને જ સત્ય માને છે. તો પ્રશ્ન થાય છે આ જગતમાંની ઘણી

વસ્તુઓની શરૂઆત થાય છે. અંત પણ થાય છે અને છતા તે સત્ય તો છે જ. અમુક લોકો આ જ વસ્તુને બીજા શબ્દોમાં મુકે છે. સત્ય ત્રિકાલાબાધિત છે. અર્થાત તે કોઈ કાળમાં નથી એવું નથી. તે ભૂતકાળમાં હતું. વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં રહેવાનું જ છે. તે જ સત્ય છે. તો પછી નાશવંત વસ્તુઓ જે નિર્માણ થાય છે અને નાશ પામે છે તે પહેલા નહોતી. ભવિષ્યમાં રહેવાની નથી. ફક્ત મધ્યાવસ્થામાં જ પ્રગટ થાય છે (વ્યક્ત મધ્યાનિ-ગીતા) તો પછી તેને સત્ય ન જ કહેવું જોઈએ. પણ આ વાસ્તવિક જીવન સાથે સુસંગત લાગતું નથી.

તો સત્ય ખરેખર શું છે? સાચુ એ છે કે સત્ય કાયમ સત્ય જ રહે છે. પણ તે પોતાનો મર્યાદિત કાળમાં આવિર્ભાવો કરી શકે છે. તેનો આવિર્ભાવ નિશ્ચિત સમય પુરતો હોય. પાછું તે અવ્યક્તમાં વિલીન થઈ જાય છે. ફરી વ્યક્ત થાય છે. તે બન્ને છે વ્યક્ત પણ અને અવ્યક્ત પણ. તેથી તેની વ્યક્ત દશા (સત્)થી તે બંધાતું નથી. આ રીતે તે સત્ સ્વરૂપથી પણ અતીત છે મુક્ત છે અને અવ્યક્ત દશા (અસત્)થી પણ તે બંધાતું નથી. તે સત્ અને અસત્ બન્નેથી અતીત અર્થાત મુક્ત વસ્તુ છે. આપણી ચેતના જાગૃતકાળમાં અને સ્વપ્નકાળમાં વ્યક્ત થતી હોય છે. પણ સુષુપ્તિમાં અવ્યક્ત રહે છે. પણ આપણી ચેતના છે તો સત્ જ. તેવો આપણો અનુભવ છે. તે સાકાર અથવા નિરાકાર રહી શકે છે. તે સરૂપ અને અરૂપ રહી શકે છે. તે સગુણ અને નિર્ગુણ પણ રહી શકે છે. તે આવી બધી જ મર્યાદાઓથી મુક્ત છે. તે ફક્ત શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ છે. જે વ્યક્ત અને અવ્યક્ત બન્ને અવસ્થામાં એક પછી એક કે એકી સાથે રહી શકે છે. ચેતનાનો અમુક હિસ્સો કે સ્તર વ્યક્ત થાય અમુક ન પણ થાય. તે બન્નેથી પર વસ્તુ છે.

આ બધા જ બંધનોથી પર હોવા છતાં તેની હકારાત્મક વ્યાખ્યા કરવી હોય તો તેને ત્રણ રીતે વર્ણવી શકાય. તે અસ્તિત્વ ધરાવે છે (સત્-મયઃ) તે જીવંત ચેતના સભર છે (ચિન્મયઃ) તે આનંદ સ્વરૂપ પણ છે (આનંદમયઃ)

સત્ ચિત્ અને આનંદ આ તેના ત્રણ પાસા છે જે સાથે જ રહે છે. તે અસ્તિત્વ ધરાવે છે તે ચેતનવંતી છે. તે ચેતનાનો આનંદ ભોગવે છે. આનંદ માણવા ચેતનવંતુ હોવું જરૂરી છે. ફક્ત ચેતન વ્યક્તિ જ અનુભવ લઈ શકે છે. અચેતનને પોતાનો કોઈ અનુભવ હોતો નથી. તેથી તે ચેતનવંતુ હોવું જરૂરી છે.

(અનુ.પાના નં.૩૮ ઉપર)

# અતિમનસ જગતનો શિલાન્યાસ

(શ્રી અરવિંદના પોંડિચેરી આગમન નિમિત્તે)

શ્રી અરવિંદનાં જીવન-હેતૂ બાબત માતાજીએ ત્રણ વિધાનો કરેલાં છે.

૧ ''એ આવ્યા છે પૃથ્વીને આમંત્રણ આપવા કે પૃથ્વી પોતાના તેજોમય ભાવિ માટે તૈયાર બને.''

૨ ''શ્રી અરવિંદ જગતને ભવિષ્યની સુંદરતાનો જે સાક્ષાત્કાર કરવાનો છે તેની જાણ કરવા આવ્યા હતા. ફક્ત આશા આપવા માટે નહી. પણ જગત જે ભવ્યતા તરફ ગતિ કરી રહ્યું છે તેની ખાતરી આપવા આવ્યા હતા.''

૩ ''શ્રી અરવિંદ પ્રભુના ભાવિ-સંકલ્પનો સાક્ષાત્કાર કરાવવાનો માર્ગ ચાતરવા આવ્યા છે. તેઓ તેજોમય ભાવિના અગ્રેસર છે.

સારાંશ શ્રી અરવિંદનું કાર્ય પૃથ્વીને લગતું છે. પૃથ્વીના ભાવિની ખાતરી અપાવવા તેઓ આવ્યા છે અને તે ભાવિને વાસ્તવિક કરવાનો માર્ગ દર્શાવવા આવ્યા છે.

તો પ્રથમ પ્રશ્ન છે કે તેઓ પૃથ્વીને લગતું કાર્ય કરવા માટે જ શા માટે આવ્યા ? તેનો જવાબ તેમણે ''મા'' પુસ્તકમાં પોતે જ આપ્યો છે. પૃથ્વીની અનન્યતા દર્શાવવા તેમણે જણાવ્યું છે કે પૃથ્વી ઉપર જ પ્રભુ પ્રથમવાર ઉત્ક્રાંતિદ્વારા ભૌતિક સ્તરે પ્રગટ થવાના છે. એ પ્રભુનો સંકલ્પ છે. પ્રભુ અવતાર તરીકે પ્રગટ થયાં છે. પણ ઉત્ક્રાંતિના ફળ સ્વરૂપ, તેના એક તબક્કા સ્વરૂપે અને એકલદોકલ નહિં પણ સમગ્ર માનવ-જાતિ દ્વારા તેઓ હવે પ્રગટ થવાના છે.

પુરાણોમાં જણાવેલ છે કે આ પ્રભુનો સંકલ્પ જે કાળખંડમાં સિદ્ધ થવાનો છે તેને 'વરાહકલ્પ' કહે છે, જે હાલમાં ચાલુ છે. વરાહ એટલે ભૂંડ નહિં. પણ વરણ કરવું, ચયન કરવું, Select કરવું એ અર્થમાં તે શબ્દ છે. આ ચયનને કારણે જ સત્યની જેટલી શ્રેણીઓ છે, કક્ષાઓ છે તેના આવિર્ભાવ કેન્દ્રો માનવ શરીરમાં કુદરતે આપેલાં છે જેને આપણે સપ્ત યોગચક્રો કહીએ છીએ. માનવના ભૌતિક શરીરને જ વેદોમાં 'પૃથ્વી' કહી છે અને તેને યોગ-સાધના દ્વારા પરમ-ચેતનાથી છલોછલ ભરી દેવાનો આદેશ વેદોમાં જણાવેલ છે (પૃથવ્યાં આભરેત્) તો આ કારણે શ્રી અરવિંદ પૃથ્વીને લગતું કાર્ય કરવા પધાર્યાં છે.

બીજો પ્રશ્ન એ છે કે પૃથ્વી ઉપર આવીને તેમણે લોકોને શું સમજાવવાનું છે ?

તેનો જવાબ તેમણે દિવ્ય-જીવન અને સાવિત્રી દ્વારા આપણને સમજાવ્યો છે પૃથ્વી ઉપર ચેતનાની જે ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલુ જ છે તેનો અંતિમ ઉદ્દેશ શું છે તે તેમણે તેમાં વિષદ કરેલ છે. દિવ્ય-જીવન દ્વારા પ્રભુને પ્રગટ કરવા એ માનવ-જીવન વિકાસનો અંતિમ સર્વશ્રષ્ઠ તબક્કો છે. અને તેમાં માનવ-ચેતના અને પ્રભુ - ચેતના એકરૂપ બની જાય છે - જ્ઞાન દ્વારા, સમજણ દ્વારા, બુદ્ધિદ્વારા એકરૂપતા એ આ અવસ્થાનું જ્ઞાનમય પાસું છે. તો હૃદયદ્વારા, પ્રેમદ્વારા એકરૂપતા ભક્તિમય પાસુ છે કારણ પ્રેમનું સાર સ્વરૂપ છે. બે વ્યક્તિની એકરૂપતા. અર્ધનારી નટેશ્વર એ તેનું પ્રતીક છે. પ્રભુના કાર્યો સાથેની એકરૂપતા એ કર્મમય પાસુ છે આ ત્રિવેણી સંગમને જ શ્રી અરવિંદ પૂર્ણયોગ કહે છે. આ પૂર્ણયોગની સાધના એ જ માનવ જાતિનું ભવિતવ્ય છે.

હવે ત્રીજો પ્રશ્ન છે આ જીવનના લક્ષ્યને સાધવા ક્યા પ્રકારની સામુહિક અને વ્યક્તિગત સાધના કરવી જરૂરી છે ? તેનો જવાબ છે અતિમનસનું અવતરણ કરાવવું અને તેની દ્વારા જીવનના સંચાલનની સાધના.

અતિમનસને જ વેદોમાં પ્રજ્ઞા, વિજ્ઞાન આ શબ્દો દ્વારા સુચવ્યું છે અને ‘પ્રજ્ઞાનં બ્રહ્મ’ આ સૂત્ર દ્વારા સમજાવ્યું છે. મનોમયકોષના વિકાસ પછી આ વિજ્ઞાનમય કોષનો વિકાસ થવાનો હોવાથી શ્રી અરવિંદે તે માટે ‘અતિમનસ’ આ યોગ્ય સૂચક શબ્દ વાપરેલો છે. આ અતિમનસ સાધનાના સ્વરૂપ બાબત આપણા આ જ માસિકમાં ‘અતિમનસ-સાધના’ આ અલગ લેખમાળા આપણે હવે પછી આપી રહ્યાં છીએ.

આ જે વૈશ્વિક-ઉત્ક્રાંતિની પ્રક્રિયા છે તેનો પ્રથમ તબક્કો સિદ્ધિ દિનને દિવસે (૨૪-૧૧-૨૬) સિદ્ધ થયો અધિમનસ દ્વારા જ અતિમનસમાં પ્રવેશ મળે છે તે પૂર્વ તૈયારી રૂપ છે. ઘણા ચિંતકો અધિમનસને તુચ્છતાથી જોતા હોય છે જે તેમની મોટી ભૂલ છે.

બીજો તબક્કો અતિમનસ-અવતરણ - દિનને રોજ (૨૯-૨-૫૬) સિદ્ધ થયો. આ તબક્કાથી જ અતિમનસનો પાર્થિવ તત્વ ઉપર પ્રભાવ પડવા લાગ્યો.

માતાજી જ્યારે તે દિવસે પ્લેગ્રાઉન્ડ ઉપર સાંજે ધ્યાન કરાવતા હતાં તે વખતે માતાજીને પોતે સુવર્ણદ્વારને સુવર્ણમય હથોડાથી તોડી પાડવાની અનુભૂતી આવેલી અને અતિમનસ તેજ સૂક્ષ્મ પાર્થિવ સ્તરે અવતરણ

(અનુ. પાના નં. ૪૭ ઉપર)

# સાવિત્રી-સાર

પ્રકરણ-૭૮

## જીવન નાટ્યનો આનંદ

(In the unceasing....unending pain)
(Savitri - B-1. C-3, P-29)

અશ્વપતિને આ સમગ્ર સંસાર પ્રભુની પોતાને માટે, પોતે કરેલી લીલા જ લાગી રહી હતી. એક ભવ્ય, ગૂઢ, સતત ઉત્સુકતા અને ઈન્તેજારી વધારતું નાટક ! વળી આ નાટકનો કોઈ અંત નથી. શ્રી અરવિંદ તેને unceasing drama તરીકે ગણાવે છે. આ નાટક સમયનાં વહેણમાં ખેલાઈ રહ્યું છે. અખંડ વહેતા સમયમાં અખંડ ચાલતું નાટક !

પણ આ સમય નિર્જીવ નથી. તે અભાન પણ નથી. પણ ચેતનાનો જ સદાજાગૃત સદાસક્રિય એવો અખંડ પ્રવાહ છે અને તે કાળપુરૂષ સતત પ્રભુની પ્રેરણા સાંભળી તે મુજબ પોતાના પ્રવાહને દિશા અને વેગ આપતો હોય છે. તે સતત પ્રભુનો આદેશ સાંભળવા ઉત્સુક હોય છે. કારણ જાણે છે કે તેના સ્વામી તો કાળાતીત છે, અકાળ છે અથવા સનાતનકાળ સ્વરૂપ છે અને તેમની લીલાના એક ભાગ તરીકે જ કાળપુરૂષનો જન્મ થયો છે અને તેમની લીલામાં જરૂર હશે ત્યાં સુધી રહેશે. તેથી સમયને શ્રી અરવિંદ "long listening flood" તરીકે વર્ણવે છે. Time નો 'T' કેપીટલ કરીને આ કાળનો પ્રવાહ સનાતન કાળનો જ એક પ્રવાહ છે એ શ્રી અરવિંદે સૂચવ્યું છે.

શ્રી અરવિંદ તેથી લખે છે કે

In the unceasing drama carried by Time
On its long listening flood that bears the worlds

કાળપુરૂષ તો પ્રભુની આજ્ઞાનો ગુલામ છે. પ્રભુના આદેશ મુજબ કાળના પ્રવાહને વળાંક અને વેગ આપવો એ બે જ વસ્તુ તે જાણે છે પણ આ અખંડ વહેતો કાળ-પ્રવાહ કઈ દિશામાં જઈ રહ્યો છે ? શા માટે જઈ રહ્યો છે ? તેનો અંત અને પરિણામ શું હશે તે કાળપુરૂષ પણ જાણતો નથી. આ અખંડ યાત્રાના યાત્રાસંઘની મંજીલ તેને પણ ખબર નથી. તેની શંકા અને પ્રશ્ન અનુત્તરીત જ

રહેલો છે. અનેક દર્શન-કારો એ પ્રયત્ન કરી જોયો. થોડુંક જાણ્યું, ઘણું અજાણ્યું. પણ જે જાણ્યું એના આધારે વાત કરી તો પ્રશ્ન વધારે ગૂંચવાઈ ગયો. કારણ દરેક દર્શનકારનું દર્શન જુદું ? કોને માનવું કોને નહિ. શ્રી અરવિંદ લખે છે કે

Insoluble doubt on a pilgrimage without goal.

આ કાળપ્રવાહ ઉપર જીવનમાં નિર્માણ થતાં નિતનવા આનંદોના ફીણ ઘુમરીયાં ખાતા ફેનલ-વમળ રચી રહ્યાં હતાં અને તેનું તે કાર્ય રાતદિવસ ચાલ્યા જ કરતું હતું. જરા પણ આરામ નહિ, જરા પણ ઊંઘ નહિં. કાળ-પુરૂષને લાગતું હતું, શું આ આનંદ-વ્યક્ત કરવા જ આ કાળપ્રવાહ અને સંસાર રચાયો તો નથી ને ? પણ કાળ-પુરૂષને પોતાના જવાબની ખાતરી નહોતી કારણ સામે દુઃખનાં વમળો પણ દેખાતા હતાં. માનવી હૃદયોમાં અતૃપ્ત આશાઓનાં પરપોટા સતત નીકળતાં હતાં. તો આ દુઃખ અને નિરાશા શા માટે ? શ્રી અરવિંદ જણાવે છે કે

A laughter of sleepless pleasure foamed and spumed
And murmurings of desire that cannot die:

સમગ્ર સંસારના અણુરેણુમાંથી ફક્ત એક જ પોકાર ઊઠી રહ્યો હતો. સંસારની અંદર ઘરબાઈ રહેલ આનંદને વ્યક્ત કરવો. તેને ભૌતિક કક્ષાએ વાસ્તવિક કરવો. અતૃપ્ત આશાઓ, દુઃખ, રોગ, મૃત્યુ આ બધા તો આનંદના અભાવનાં કારણે નિર્માણ થએલી ઘટનાઓ હતી. આનંદનું વિટામીન જાણે ઓછું પડી રહ્યું હતું. બધા રોગોની એક જ દવા હતી - આનંદ અને ફક્ત આનંદ. આનંદ પણ ક્ષણિક નહિં, પણ સનાતન આનંદ ! સમગ્ર સંસારને જીવવું હતું - સાચી રીતે જીવવું હતું - જીવનની ભવ્યતા માણવી હતી. જીવનની શ્રેષ્ઠતા જાણવી હતી. જીવનનો મધુર સ્વાદ આસ્વાદવો હતો.

આ માગણી સંસારના અશેષ રેણુઓમાંથી ઊઠી રહી હતી કારણ સંસાર અભાન રીતે પણ સંવેદી રહ્યો હતો કે આત્મતત્વે આ સ્થળકાળમાં પોતાને પ્રગટ કરવાનું સાહસ ખેડ્યું છે અને તે જ તેનું સાચું સ્વરૂપ છે અને તે સાહસમાં તેણે દિવ્ય-જીવન પ્રગટાવવાનું છે. દિવ્યાનંદને જીવનમાં ધારણ કરવાનો છે ! શ્રી અરવિંદ જણાવે છે કે

A cry came of the world's delight to be,
The grandeur and greatness of its will to live,
Recall of the soul's adventure into space,

પરમ પ્રભુએ પોતાને અનંતરૂપે પ્રગટ કર્યાં છે. દરેક રૂપ અને આકાર

પરમ-પ્રભુ જ છે. તે રૂપો દ્વારા તે પોતાને વધારેને વધારે પ્રગટ કરવા ઈચ્છે છે. પોતાનું આંતરિક-વૈભવ પોતાની સામે જ છતું કરવા ઈચ્છે છે. પણ તે વૈભવને રૂપો દ્વારા પ્રગટ કરવા માટે તેણે હજારો વર્ષ લીધાં છે. ધીમે ધીમે ઉત્ક્રાંતિ દ્વારા પોતાના વૈભવની એક એક ઈંટ મૂકી છે. આવા શતકો વર્ષોના જાદુઈ અને ગૂઢ પ્રવાસ બાદ આજની સ્થિતિએ પહોંચ્યાં છે. અને દરેક રૂપમાં પોતે હાજરી સ્વરૂપે રહીને તે નવતર રચના કરી છે જેથી ભૌતિક સ્તરે એ બધું વાસ્તવિક બને. તે માટે કેટલોએ શ્રમ કર્યો છે, દુઃખો વેઠ્યાં છે, વેદના સહી છે, નિરાશાઓની કાળરાત્રી પસાર કરી છે. તે આંતરિક સ્વરૂપે તલ તલ કરીને જન્મોજન્મના તપ દ્વારા પોતાનો ઘાટ રચ્યો છે. શ્રી અરવિંદ જણાવે છે કે

A traveller through the magic centuries
And being's labour in Matter's universe,

પણ આ બધામાં તે સ્વરૂપમાંની ચેતના શું શોધી રહી છે ? તેને શોધ છે પોતાના જીવનનો ખરેખર હેતૂ શું છે તે જાણવાનો. તે શોધી રહી છે આનંદને જે આધ્યાત્મિક પ્રયત્નોના ફળ સ્વરૂપે જ, જવાબ તરીકે જ મળે છે. તેને જીવનમાં સંતોષ જોઈએ છે, પોતાની ઈચ્છાઓ, કામનાઓની પૂર્તિ જોઈએ છે. અને તે દ્વારા મળતી જીવવાની ઉત્કંઠા અને જીજીવિષા જોઈએ છે. તેને જીવનમાં મધુરતા માણવી છે. મધુરતાની બક્ષીસ પ્રભુ પાસેથી મેળવવી છે. જીવન પ્રભુએ આપેલ છે તો તેની દ્વારા સુખ મળવું જ જોઈએ. એવી તેની નૈસર્ગિક-માગણી છે. શ્રી અરવિંદ જણાવે છે કે

Its search for the mystic meaning of its birth
And joy of high spiritual response,
Its throb of satisfaction and content
In all the sweetness of the gifts of life,

તેને જીવનમાં જોઈએ છે સંવેદનશીલ જીવન, ભાવપૂર્ણ જીવન. આશાઓ રાખતી વખતનાં દીર્ઘ શ્વાસો અને સૌમ્ય હૃદયનાં સૌમ્ય, સહજ ધબકારા અને ડર અને ચીંતાના રોમાંચો અને સંકટનાં ભણકારા. તેને દુઃખ અને યાતનાનાં તીવ્ર સંવેદનોની અપેક્ષા છે. જેથી જીવન મસાલેદાર રોચક અને ઉત્કંઠાથી ભરપૂર લાગે. તેને વચ્ચે વચ્ચે જોઈએ છે દિવ્ય-આનંદનો તીવ્ર આવેગ અને હર્ષાશ્રુ. તેને જોઈએ છે એવા રોમાંચ જેના ગર્ભમાં આનંદ છૂપાએલો હોય. સાથે તેને જોઈએ છે, ભાવનાની તીવ્રતાનાં ડૂસકાં પણ. અને સદા ફરી ફરી પ્રગટ થતી વેદનાઓ.

આવુ ઘટનાઓ, ભાવનાઓ અને જીવનનાં સુખદુ:ખોથી ભરપૂર જીવન તેને જોઈએ છીએ.

Its large breath and pulse and thrill of hope and fear,
Its taste of pangs and tears and ecstacy,
Its rapture's poignant beat of sudden bliss,
The sob of its passion and unending pain.

માનવને આવા રોચક જીવનની અપેક્ષા છે. તે એવું પ્રાણી છે જેને કાયમી સુખ પણ અબખે પડી જાય છે. તેમાંનો રસ ઊડી જતો લાગે છે. તેથી તેની એ રસ-વૃત્તિ ટકાવવા પણ વેદનાની પાર્શ્વભૂમિ તેને માન્ય છે.

અંદરની ચેતના આ બધુ માગે છે તેનું આપણી બુદ્ધિને આશ્ચર્ય લાગે છે. બુદ્ધિને લાગે છે કે તેણે નિરંતર સુખ અને આનંદ જ માંગવો જોઈએ. પણ ખરેખર તો ઊપરની માગણી જ સાચી લાગે છે. માનવીને અતિ સુખ ઘણી વખત જીવનને દુ:ખી દુ:ખી કરી નાખે છે, કારણ તેમાં જન્મેલી ઈન્તેજારી હોતી નથી. વધારે મધુર સ્વાદ ડાયાબીટીસને આમંત્રે છે એમ વધારે સુખાસીનતા સુખોને પણ અબખે પડતાં શીખવે છે. એકધાર્યું સંઘર્ષ વિહોણું જીવન તેમને દુ:ખી કરી નાખે છે.

પણ ચેતનાની આ માગણી પાછળ એક મહાન આધ્યાત્મિક સત્ય રહેલ છે જે માનવો જાણતાં નથી તેથી આવી માગણીને કઢંગી અથવા મૂર્ખતાપૂર્ણ ગણે છે.

સુખ અને દુ:ખ ભિન્ન નથી જ. ચેતનાની સ્થિતિ અનુસાર વસ્તુ સુખનું કે દુ:ખનું સાધન બને છે. સુખ ચેતનામાં જ છે. ચેતના જ સુખરૂપ છે. ભૂખ્યો કૂતરો હાડકાં ચાવી ચાવીને પોતાનાં દાંતમાંથી લોહી કાઢે છે જેનો સ્વાદ કૂતરાને લાગે છે કે પેલું હાડકું જ છે પણ તે વાસ્તવિકતા નથી. તેમજ વસ્તુમાં સુખ નથી ચેતનાની એકાગ્રતામાં જ સુખ ચેતનામાંથી રેલાતુ બહાર આવીને પ્રગટ થાય છે. વસ્તુ આવી એકાગ્રતા મેળવવાનું સાધન છે. સુખનું નહિ. સુખ એ ચેતનાનો સ્વભાવ છે. તેમાંથી સુખ જ પ્રગટ થાય છે. વ્યવહારમાં જેને આપણે દુ:ખ કહીએ છીએ તે તો તીવ્ર સંવેદનાનો પ્રકાર છે. જે દુ:ખમાં છૂપાએલા સુખને શોધી કાઢે છે અને પ્રગટ કરવા મથે છે.

સુખ અને દુ:ખ એ માનવે આરોપેલી વસ્તુઓ છે. તે વ્યક્તિનિષ્ઠ છે. વસ્તુનિષ્ઠ નથી. તેથી ચેતના બદલાય છે તેમ તે દુ:ખનું રૂપાંતર સુખમાં થઈ જાય

છે. બાલપણમાં મમ્મીએ મારેલી ધોલ તે વખતે વસમી લાગે છે પણ મમ્મી હયાત ન હોય ત્યારે તે ધોલે જીવનમાં જે સારો વળાંક આપ્યો છે તેને લીધે તે જ પુત્ર મોટો થાય પછી તે સ્મૃતિને પોતાની મધુર સ્મૃતિઓ ગણાવે છે. બાળપણનાં દુઃખો અને કષ્ટો વૃદ્ધાવસ્થામાં સ્વાભિમાન અને સ્વાતંત્ર્યની ખૂમારી બની સુખ આપે છે સારાંશ ચેતના બદલાતા ઘટનાઓનાં સુખદુઃખોની કલ્પના પણ બદલાઈ જાય છે.

પરમ-ચેતનાને તો સુખ અને દુઃખ પોતાના અવિરત ચાલતા નાટકોનાં વિવિધ રસો લાગે છે. દુઃખાંત નાટકનો અંત જોતા આપણે રોઈએ છીએ પણ તેમાં જ ઉત્તમ નાટક જોયાનો આનંદ છૂપાએલો હોય જ છે. પ્રભુનાં આ નાટકોમાં તો આવા બધા જ પ્રસંગો દ્વારા આનંદ જ પ્રાપ્ત થતો હોય છે. દરેક વ્યક્તિ ચેતના આનંદમાં જન્મી છે. આનંદમાં જીવે છે અને આનંદમાં જ વિલિન થઈ જાય છે. આનંદ એક જ સત્ય છે. જે પરમ-ચેતનાનો સ્વભાવ છે.

---

(પાના નં.૩૧નું આગળ) **શ્રી અરવિંદોપનિષદ**

ચેતનાને વ્યક્ત કરે કે અવ્યક્ત રાખે એ વસ્તુ અલગ છે. તે કોઈ પણ અવસ્થામાં હોય પણ તે પોતાની બાબતમાં સભાન હોય જ છે. પોતે પોતાને અનુભવે જ છે. હવે આવી ચેતના ધરાવવા અસ્તિત્વમાં હોવું જરૂરી છે. અને અસ્તિત્વ શા માટે ધરાવે છે તો પોતે પોતાનો આનંદ માણવા જ. આમ તે સત્ ચિત્ આનંદ સ્વરૂપ છે આ તો ભાષા દ્વારા સમજવાનો એક પ્રયત્ન માત્ર છે. ખરેખર તે શબ્દો દ્વારા સચોટ રીતે પ્રગટ કરી શકાતી નથી. શબ્દો એક બીજા વચ્ચે ભેદ સર્જે છે. ભિન્નતા ધરાવે છે પણ આ ચેતન-તત્વ ભેદ રાખે પણ અને ન પણ રાખે. તેને કોઈ બંધન નથી. તેથી તેને કોઈ મર્યાદા નથી. તેના અસ્તિત્વનું પણકોઈ કારણ નથી. તે અનાદિ અનંત છે અર્થાત સનાતન છે સનાતન શબ્દનો અર્થ સમજી લઈએ. સન+આતન્ જેનું અસ્તિત્વ ત્રણે કાળમાં ફેલાયેલું છે. અમર્યાદ છે તે જ સનાતન કહેવાય છે. આ જ સત્ય વિજ્ઞાને શક્તિનું અવિનાશિત્વ (Conservation Theory) દ્વારા જણાવેલ છે. શક્તિ પોતાના બાહ્ય રૂપો ક્લેવરો બદલે છે. રંગરૂપ અને આવિર્ભાવ પદ્ધતિ બદલે છે. પણ તે અસ્તિત્વમાં તો રહે જ છે.

# પત્રોત્તર

## અતિમાનસ - ઉત્ક્રાંતિ

પ્રકરણ - ૨

## આધ્યાત્મિકતા અને રૂપાંતરની પદ્ધતિ

(યોગ વિષે પત્રો ભા.૧ પેજ - ૯ થી ૧૯)

ઊત્ક્રાંતિની પ્રક્રિયા ખૂબજ ધીમી હોય છે. પશુમાંથી માનવ ઉત્ક્રાંત થવાને ઘણા વર્ષો વીતી ગયાં પણ માનવમાંથી પશુતા હજી ગઈ નથી. માનવ હજી અર્ધપશુ જ છે.

માનવની આ સ્થિતિને કારણે તેણે રચેલાં ધર્મોમાં પણ મનોમય, પ્રાણમય એટલી બધી અશુદ્ધિઓ છે કે તે ધર્મ પ્રભુની કદાચ ઝાંખી કરાવી શકે છે પણ પ્રભુને તત્વતઃ જાણવો અને અનુભવવો એ તેમની પહોંચની બહારની વસ્તુ લાગે છે.

સાચી અને શુદ્ધ આધ્યાત્મિકતા હજી પૂરેપૂરી રીતે પ્રગટ થએલ જ નથી. તે હજી ઉત્ક્રાંત થવાની છે. પણ જેમ જેમ તે વિકાસ પામશે તેમ તેમ માનવને થોડા ઘણા આધ્યાત્મિક પ્રકાશનો અનુભવ થશે. પણ તે આંશિક સ્વરૂપનો જ હશે. પણ વધુને વધુ સંખ્યામાં માનવો આવો આંશિક પ્રકાશ ધારણ કરતા થશે એ નિશ્ચિત છે.

આવા પ્રકાશ ધારણા માટે સાધકમાં પ્રકાશ-ધારણ કરવાની જીવંત અભીપ્સા અને માગણી સતત ટકી રહેવી જરૂરી છે. જ્યારે તેવી રીતે તે ટકી રહે છે ત્યારે જ અતિમનસ પ્રકાશ અવતરણ પામે છે.

પણ અતિમનસ પ્રકાશના અવતરણની આ પ્રક્રિયા ખૂબજ લાંબી છે અને તે શરૂ થાય પહેલાં પણ લાંબાગાળાની મોટા પ્રમાણમાંની તૈયારી માંગી લે છે. તેથી વધારે શક્યતા એ છે કે તે અમુક તૈયાર વ્યક્તિઓમાં જ પ્રથમ આવિર્ભાવ પામે અને પછી તેમની મારફત અન્યોમાં ધીમે ધીમે આવિર્ભાવ પામે. બીજુ આ ધીમી પ્રક્રિયાને કારણે, અજ્ઞાન અને રોગોમાંથી કાયમી મુક્તિ, સ્વૈચ્છિક મૃત્યુ અને શરીરની આંતરિક કાર્યમાં પરિવર્તન આવી ઘટનાઓ ઘણા લાંબા કાળે વાસ્તવિક બનશે.

આવા ફેરફારો આજના તબક્કે આપણને અવાસ્તવિક અને કાલ્પનિક

લાગવા શક્ય છે. પણ જ્યારે પૃથ્વી ઉપર પ્રાણી કે વનસ્પતિ સૃષ્ટિ જ નહોતી અને તદ્દન નિર્જીવ અને જડ હતી ત્યારે કોઈ કહેત કે અહિં જીવસૃષ્ટિ રચાવી શક્ય છે તો તે વખતે તે કાલ્પનિક જ વસ્તુ લાગત. તેવું જ આજના તબક્કે અતિમનસ જગત બાબત લાગે છે. પણ તે ઘટના અવશ્ય થશે જ તેમાં શંકા નથી.

પરમાત્માના મૂળભૂત આવિર્ભાવોના પ્રકારોમાં પ્રકાશ, ચેતના, પ્રેમ અને સૌંદર્ય આવા સ્વરૂપનાં આવિર્ભાવો મૂળભૂત કહેવાય છે. પણ જગતમાં તેના નામરૂપવાળા આવિર્ભાવોની વિવિધતા અગણ્ય જ રહેવાની છે. એટલું જ નહિં એવા આવિર્ભાવો બહારથી જોતા પ્રભુના મૂળભૂત આવિર્ભાવોથી તદ્દન વિરૂદ્ધ જ લાગે .

દા.ત. જડતા, વિસંવાદ, અચિત, કુરૂપતા, દ્વેષ, આ બધાને 'અચિત્' આ એકજ 'નામ' નીચે લઈ શકાય છે. ઋગ્વેદમાં 'અસત્' ના અથવા 'અચિત્' ના મહાસાગરનું વર્ણન જોવા મળે છે. જેમાંથી આ જગત ધીમે ધીમે ઉત્ક્રાંત થઈ રહ્યું છે.

આ જગતના આવિર્ભાવનું કારણ છે, આ અચિત્ના મહાસાગરમાં તિરોહીત બની રહેલ પરમ-ચેતનાનું પોતાને પ્રગટ કરવાનું વધતું જતું દબાણ. આ દબાણ જ ઉત્ક્રાંતિનું ચાલક બળ છે.

માનવમાં થઈ રહેલી ઉત્ક્રાંતિ પણ આ જ દબાણને આભારી છે. માનવમાંથી સીધે સીધો અતિમાનસ-વ્યક્તિ ઉત્ક્રાંત થવાની શક્યતા નથી, પણ અંતરિયાળ અવસ્થાઓ રચાશે જેમાં માનવને પોતાની સુપ્ત ક્ષમતાઓ વધારે ને વધારે વિકસતી અનુભવાશે. અંતે જ્યારે અતિમાનસ-શરીર રચાશે ત્યારે જ અતિમાનસ યોનિ અસ્તિત્વમાં આવશે. પણ તે વખતે પણ આજનો માનવ એક કાલબાહ્ય પ્રાણી, અવિકસીત પ્રાણી, તરીકે સહ અસ્તિત્વ ધરાવતો હશે; જેમ આજે માનવ સાથે અન્ય પ્રાણીઓ સહ અસ્તિત્વ ધરાવે છે.

ઉત્ક્રાંતિની પ્રક્રિયા બ્રહ્માંડ વ્યાપી નથી. જ્યાં પ્રભુના અવિર્ભાવની પ્રક્રિયા શરૂ છે ત્યાં જ ઉત્ક્રાંતિ સંભવી શકે છે. પણજ્યાં આવી આવિર્ભાવની પ્રક્રિયા નથી પણ યથાવત્ જગતો છે. જેને typological Worlds - શાશ્વત લોકો - કહે છે ત્યાં ઉત્ક્રાંતિ નથી. તેથી ત્યાં વિકાસ પણ નથી. શાશ્વત પ્રગતિ શાશ્વત આવિર્ભાવની પ્રક્રિયામાં જ છે.

હવે જો આપણે ફક્ત ભૌતિક, પ્રાણમય અને મનોમય આવરણમાંની મર્યાદાઓમાંથી મુક્તિની જ અપેક્ષા રાખતા હોઈએ અર્થાત નિર્વાણની જ અપેક્ષા રાખતા હોઈએ તો રૂપાંતરની પ્રક્રિયાની જરૂર રહેતી નથી. કારણ અક્ષરપુરૂષ

અર્થાત નિર્લેપ નિરાકાર અસીમ ચેતનાના સાક્ષાત્કાર સાથે જ મુક્તિ અને મોક્ષ મળી જાય છે.

પણ પ્રભુનો અનંતરૂપે પ્રગટ થવાના સંકલ્પમાં સહભાગી થવાની ઈચ્છા હોય તો રૂપાંતરની પ્રક્રિયા અનિવાર્ય બની જાય છે. કારણ પ્રભુને પોતાનું દરેક રૂપ પરિપૂર્ણ અને શાશ્વત-અજર અમર કરવાનું છે અને તેને માટે રૂપાંતરની પ્રક્રિયા જરૂરી છે.

વેદાંતિ અને બૌદ્ધો ફક્ત મુક્તિ માંગે છે પણ પૂર્ણયોગનું લક્ષ્ય બીજા પ્રકારનું છે. તેથી તેને માટે રૂપાંતરની પ્રક્રિયા સિદ્ધ કરવી જરૂરી બની જાય છે.

પણ હાલના તબક્કે પૂર્ણયોગનું લક્ષ્ય સીમિત છે. તેનું લક્ષ્ય છે અતિમાનસ ચેતનાને પૃથ્વીની ઉત્ક્રાંતિમાં સક્રિય તત્વ તરીકે જોડવું અથવા તેવી ચેતનાને પૃથ્વી ઉપર સ્થાપિત કરવી. પછી તે સ્થાપિત અતિમનસ ચેતના જ આગળની પ્રક્રિયાનું સ્વરૂપ પોતાની મેળે ગોઠવી લેશે.

શરીરનું રૂપાંતર થશે તો શું થશે? તેનો અર્થ તે મૃત્યુને તાબેદાર રહેશે નહિ. પણ તેનો અર્થ મૃત્યુ થશે જ નહિં એમ નથી. પણ માનવ ઈચ્છામરણી બનશે અથવા તે ધારે ત્યારે નવું શરીર ધારણ કરી શકશે એવો અર્થ થાય છે.

પ્રકૃતિનું સીધે સીધું અતિમાનસી કરણ શક્ય નથી. પ્રથમ પ્રકૃતિ ચૈત્યપુરૂષના પ્રભાવ નીચે આવી તેનું ચૈતસિકરણ થશે તેનાં તત્વો પ્રકાશ, શાંતિ, વિશુદ્ધિ, જ્ઞાન ધારણ કરશે. તે પછી બીજા તબક્કે આવા વિશુદ્ધ અથવા ચૈતસિક બનેલાં તત્વો વ્યક્ગિત જુદાઈ છોડી વૈશ્વિકતત્વો સાથે એકરૂપ બનશે. બધા તત્વોનું વૈશ્વિકરણ થશે. આત્મા પોતે વૈશ્વિક સ્વરૂપનો હોવાથી આવી વિશાલતા પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને અધ્યાત્મિકરણ કહે છે, આવા અધ્યાત્મિકરણ પછી તે તત્વો વિશ્વાતીત કક્ષાએ જાગૃત થશે ત્યાં એક જ સમયે તેઓ વ્યક્તિગત અને વૈશ્વિક-કક્ષાએ જીવી શકશે. આને ગીતા પુરૂષોત્તમ-ચેતના કહે છે.

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આવી અતિમનસ-ચેતનામાં પ્રકૃતિનું રૂપાંતર કરવા આ પૂર્ણયોગની જે પદ્ધતિ હશે. તેનાં લક્ષણો શું છે?

પદ્ધતિનો નિર્ણય લેવા માટે આપણે હાલની માનવ-ચેતનાની કક્ષામાં જ રહેશું તો તેવી ચેતનાનાં ઉર્ધ્વમાં રહેલ શક્તિઓ અને સત્યોને જાણ્યા વગર અનુભવ્યા વગર, તેમનો ઉપયોગ કરતા પણ જાણી શકવાના નથી. અનુભૂતિ વગરનો નિર્ણય એક કલ્પનાવિલાસ જ બની જાય છે. અતિમનસ એ સત્ય-ચેતના છે. એનો અર્થ એ છે કે તે પોતાની પૂર્ણ સ્વામી છે. સ્વનિયંત્રિત જ છે

પરનિયંત્રિત નથી. પોતે જ પોતાના લક્ષ્યો પૂર્ણ કરવાનું સામાર્થ્ય ધરાવે છે. તેથી તે અવિરોધ્ય છે તેમાં પરમ-ચેતનાના મૂળભૂત લક્ષણો કાયમી સ્વરૂપે રહેલાં છે તેથી તેમાં પ્રકાશ, પ્રેમ, જ્ઞાન, સૌંદર્ય કાયમી સ્વરૂપે વસનારાં છે તેથી તેમાં અજ્ઞાન, અંધકાર, વિસંવાદ જેવી વસ્તુઓ જ નથી.

હવે જ્યારે આવી અતિમનસ ચેતના જીવનમાં અવતરણ પામશે ત્યારે ઉપર મુજબનાં જ લક્ષણો ચેતના દ્વારા પ્રગટ થવા માંડશે. જેવી રીતે મન, પ્રાણ, ભૌતિક તત્વમાં સ્થાપિત થયાં તેવી જ રીતે આ ઘટના પણ બનશે. તેથી મનોમય, પ્રાણમય અને પાર્થિવ-ચેતનાની બધી જ મર્યાદાઓ, સંકુચિતતાઓ નાશ પામશે. પણ પ્રથમ જણાવ્યા મુજબ આ પ્રક્રિયા ધીમી ગતિની હોવાથી

૧ માનવોમાં આવું પરિવર્તન એક ઝાટકે નહિ થાય.

૨ માનવની સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર એક જ સમયે નહિ પાર પડે.

૩ એકલ દોકલ માનવ અતિમનસ દેહ રચે એ આપણું ધ્યેય નથી. પણ સમગ્ર માનવ જાત અથવા તેમાંથી એક અંશ આ પ્રક્રિયા સ્વીકારી રૂપાંતરીત થશે, જે નવી યોનિ રચશે.

૪ આવી યોનિ મારફત તે રૂપાંતર અન્યોમાં પણ ફેલાશે.

૫ હાલના તબક્કે વ્યક્તિનાં રૂપાંતરને મહત્વ અપાશે. વૈશ્વિક રૂપાંતરને નહિ.

૬ આનાથી ફાયદો પૃથ્વીને છે અતિમનસને નહિ. અતિમનસ તો સ્વયંપૂર્ણ છે જ.

---

## અનુભૂતિનું ગોપ્ય

આધ્યાત્મિક અનુભૂતિ જ્યાં સુધી ગૌપ્ય રહે છે ત્યાં સુધી એની એક શક્તિ જળવાઈ રહે છે. અને એનો વિકાસ પણ થતો રહે છે. આપણા પર આપણા ગુરુ અને ઈષ્ટદેવોની કૃપા તો હોય છે જ પણ એમના દ્વારા થતી અનુભૂતિનું જ્યારે આપણે પ્રદર્શન કરવા માંડીએ છીએ ત્યારે આપણા પર જે કંઈ વરસતું હોય છે તે બધું અટકી જાય છે. ગુરુનાં અનુગ્રહ તો સદા રહે છે જ. પણ એમના દ્વારા થતાં સૂક્ષ્મ અનુભવો બંધ થતાં હોય છે.

**-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# સુંદર કથાઓ

- શ્રી અરવિંદ

## ક્ષમાનો આદર્શ

(સૌજન્ય : દક્ષિણા એપ્રીલ ૧૯૬૪)

(મમ્મીએ વાત શરૂ કરી)

પૃથ્વીનું સૌંદર્ય અર્ધા અંધકારમાં અને અર્ધા ચંદ્રપ્રકાશમાં ઓર ખીલી નીકળતું હતું. આવી એક જ્યોત્સનાથી છલકાતી રાત્રે બ્રહ્મર્ષિ વશિષ્ઠ પોતાની પત્ની અરુન્ધતિને કહેતા હતા, 'દેવી, ઋષિ વિશ્વામિત્રને ત્યાંથી થોડુંક મીઠું લઈ આવો ને !' આ સાંભળતાં વેંત જ અરુન્ધતિને આશ્ચર્ય થયું અને તેમણે પ્રશ્ન કર્યો, 'પ્રભુ, આપ આ કેવી આજ્ઞા કરો છો ? મને એ સમજાતું નથી. જેણે આપણા સો પુત્રોનો વધ કર્યો છે-' અને એ શબ્દો બોલતાં બોલતાં અરુન્ધતિનો કંઠ ગદ્‌ગદિત થઈ ગયો. ભૂતકાળ બધો પાછો સ્મરણપટ પર તાજો થઈ આવ્યો.

'દેવી, એમના ઉપર તો મને ખાસ પ્રેમ છે.' અરુન્ધતિનું આશ્ચર્ય ખૂબ વધી ગયું. 'એમના ઉપર આપને જો પ્રેમ છે તો પછી એમને આપ 'બ્રહ્મર્ષિ'ના નામે સંબોધન કેમ નથી કરતા ? 'તેમના ઉપર મને પ્રેમ છે માટે જ હું એમને બ્રહ્મર્ષિ કહેતો નથી. હું એમને બ્રહ્મર્ષિ નહિ કહું એમાંથી જ તેઓ બ્રહ્મર્ષિ થઈ શકવાની આશા રહે છે.'

આજે વિશ્વામિત્ર ક્રોધથી જ્ઞાનશૂન્ય બની ગયા હતા. આજે તેઓ તપસ્યામાં મન પરોવી શકતા ન હતા. તેમણે સંકલ્પ કર્યો હતો કે આજે જો વશિષ્ઠ મને બ્રહ્મર્ષિ નહિ કહે તો તેમનો પ્રાણ લઈશ. અને એ સંકલ્પને પાર પાડવા તે હાથમાં તલવાર લઈ પોતાની કુટિરમાંથી બહાર નીકળી પડ્યા. અને ધીરે ધીરે વશિષ્ઠની કુટિરની પાસે આવીને ઊભા રહી ગયા. ત્યાં ઊભાં ઊભાં તેમણે વશિષ્ઠની બધી વાતો સાંભળી. 'મેં આ શું કર્યું ? તદ્દન અજ્ઞાનમાં રહીને મેં કેવો મોટો અન્યાય કર્યો છે ! કેવા નિર્વિકાર હૃદયના ઋષિને વ્યથા પહોંચાડવાનો પ્રયત્ન મેં કર્યો છે ! એકદમ દોડીને તે વશિષ્ઠના પગમાં ઢળી પડ્યા. 'ક્ષમા કરો. મારામાં ક્ષમા યાચવાની પણ યોગ્યતા નથી રહી.' 'ઊઠો, બ્રહ્મર્ષિ, ઊઠો.' વિશ્વામિત્ર બમણા શરમાઈ ગયા અને બોલ્યા, 'પ્રભુ, મને આમ શરમમાં કેમ નાખો છો ? 'હું કદિ

મિથ્યા બોલતો નથી. આજે તમે બ્રહ્મર્ષિ થયા છો, આજે તમે અભિમાનનો ત્યાગ કર્યો છે. આજે તમે બ્રહ્મર્ષિ-પદ પ્રાપ્ત કર્યું છે.' 'આપ મને બ્રહ્મજ્ઞાન આપો.' 'આપ શેષની પાસે જાઓ. તે જ તમને બ્રહ્મજ્ઞાન આપશે.'

વિશ્વામિત્ર શેષની પાસે પહોંચ્યા. શેષ બોલ્યા, 'તમે જો આ પૃથ્વી તમારા મસ્તક પર ધારણ કરી શકો તો હું તમને બ્રહ્મજ્ઞાન આપી શકીશ.' તપોબળના ગર્વથી ભરેલા વિશ્વામિત્રે કહ્યું, 'આપ પૃથ્વીને માથેથી ઉતારી નાખો. હું મારે માથે લઈ લઉં છું.' શેષે કહ્યું, 'હા લઈ લો. આ હું ઉતારી નાંખું છું'

વિશ્વામિત્રે મોટા અવાજે કહ્યું, 'હું મારા સમસ્ત તપનું ફળ અર્પણ કરું છું. પૃથ્વી, સ્થિર થઈ જા--' પણ પૃથ્વી સ્થિર ન થઈ. 'વિશ્વામિત્ર, પૃથ્વીને ધારણ કરી શકાય એટલું તપ તમે કર્યું લાગતું નથી. કોઈ દિવસ કોઈ સાધુપુરૂષનો સંગ કર્યો છે ? કર્યો હોય તો તેનું ફળ અર્પણ કરો.' 'એકાદ ક્ષણ જેટલો વશિષ્ઠનો સંગ કર્યો છે.' ''તો તે આપો.'' વિશ્વામિત્રે તેમ કર્યું અને ધીરે ધીરે પૃથ્વી સ્થિર બની. પછી વિશ્વામિત્ર બોલ્યા, 'હવે મને બ્રહ્મજ્ઞાન આપો. 'મૂર્ખ વિશ્વામિત્ર, જેની સાથેના એક ક્ષણ જેટલા સત્સંગના ફળ રૂપે પૃથ્વી સ્થિર થઈ ગઈ, તેને મૂકીને તું મારી પાસેથી બ્રહ્મજ્ઞાન લેવા ઈચ્છે છે ?' વિશ્વામિત્ર ક્રોધે ભરાયા. વિચારવા લાગ્યા કે આ તો વશિષ્ઠે મને છેતર્યો. ઉપડયા વશિષ્ટના આશ્રમ ભણી. 'આપે મને શા માટે છેતર્યો ?' 'તે વખતે જો મેં તમને બ્રહ્મજ્ઞાન આપ્યું હોત તો તેમાં તમને વિશ્વાસ બેસત નહિ. હવે તમને શ્રદ્ધા બેસશે.'

ભારત દેશમાં આવા સાધુ પુરૂષો હતા, ક્ષમાનો આવો આદર્શ હતો, ભારત દેશમાં વળી પાછા એવા જ ઋષિઓ જન્મ લઈ રહ્યા છે. એ ઋષિઓના પ્રભાવ આગળ પ્રાચીન કાળના ઋષિઓનો પ્રકાશ પણ ઝાંખો પડી જશે. એ ઋષિઓ ભારત દેશને પ્રાચીન કાળ કરતાંયે વધારે ગૌરવ અપાવશે.

(મમ્મીએ વાર્તા પૂરી કરી, ''બેટા, કાંઈક સમજ્યો ?''

''હા, મમ્મી,''

''શું બેટા''

''પ્રભુ જેમ બધાને ક્ષમા કરે છે તેમ પ્રભુનાં અંશ તરીકે આપણે પણ ક્ષમા આપવી જ જોઈએ. મમ્મી હું ક્ષમાશીલ બનીશ. પ્રાચીન ઋષિઓની જેમ''

પ્રોમીસ બેટા,

પ્રોમીસ મમ્મી.)

# ભારતને ઓળખો

(પ્રાસંગિક)

(ગતાંકથી ચાલુ)

**ભારતના ઉત્થાનના આ કાર્યમાં આપણું કર્તવ્ય શું?**

આ ઉત્થાનનું કાર્ય પ્રભુ પોતે કરી રહ્યાં છે. તેને કેવો ઘાટ આપવો, ક્યારે આપવો અને યશ કેવા સ્વરૂપે આપવું એ પ્રભુને જ નિશ્ચિત કરવા દો. આપણે મહાન લાંબા ગાળાની યોજનાઓ ઘડીને રાજ રમતો કે સમાજ રમતો રમીને કોઈ નક્કર પરિણામ લાવી શકવાનાં નથી. લાંબાકાળની યોજનાઓ વચગાળાની ફેરવિચારણા માગી જ લે છે. આપણે તો શુદ્ધ હૃદયમાં પ્રભુનો સંકલ્પ અને પ્રેરણા પ્રકટ થાય તેની વાટ જોઈ તે પ્રકટ થતાં જ તેને અનુસરીને જ નાનકડી યોજના કરી તે પાર પાડવી જોઈએ. પછી બીજી પ્રેરણા માટે વાટ જોવી જોઈએ. આપણો સંકલ્પ આપણા લક્ષ્ય ઉપર સ્થાપિત હશે તો તે સંકલ્પ જ આપણને માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડશે. લાંબી યોજના નિષ્ફળ જાય છે. સંજોગો તેમાં પરિવર્તન માંગે છે. અને કાર્યકર્તા યોજના નિષ્ફળ ગઈ એ ભાવમાં નિરાશ બની જાય છે.

આપણે જો યુરોપિયન વિચારોનાં પ્રભાવમાં જ રહેશું અને ભૌતિક જીવનને જ સર્વસ્વ માનનાર જડવાદને જ સાચો માની ચાલશું તો ભારતને સાચા અર્થમાં સમજવો મુશ્કેલ નહિં અશક્ય જ છે. ફરી અધ્યાત્મવાદનો જડવાદ સાથે સમન્વય કરી આર્ય વિચારધારા, આદર્શો, જીવનદર્શન, વેદાંત, ગીતા ઉપનિષદો, વેદોને સમજી જીવનમાં ઉતારવાનો પ્રામાણિક પ્રયત્ન જ ભારતની સમજણ આપશે. તે આપણા જીવનને બળવાન, અજેય અને નિર્ભય બનાવશે. મુશ્કેલીથી બેપરવાહ બની અને અશક્યતાના ડરથી નિરાશ ન થતા જીવન ધારણ કરવાની ક્ષમતા આપશે.

**ભારતનો ઉદય એ એશિયાનો ઉદય બની રહેવાનો છે.**

આ પ્રવૃત્તિ વાતોડિયા, શો-મેન, લે-ભાગુઓ કે કાયર માટે નથી. આ પ્રવૃત્તિમાં જરૂર છે બહાદુર, સ્પષ્ટવકતા, પ્રામાણિક, મહેનતુ, આદર્શવાદી, હિંમતવાન આધ્યાત્મિક અભીપ્સાથી ઉત્સાહીત ચિરતરુણની.

આવો તરૂણ મુમુક્ષુના જેટલો જ રાષ્ટ્ર નિર્માણ માટે એકાગ્ર હશે. સન્યાસી જેવો સર્વત્યાગ કરનાર હશે. ભારતમાતાને મહિમાવંત બનાવવાની ધૂન હશે.

ઉદારમતવાદી જેટલો વિશાળ મનવાળો, યજ્ઞકર્તા જેટલો સર્વસ્વ હોમવા તત્પર હશે. હવે તો ભારતમાતા ઉંબરા સુધી આવી પહોંચ્યા છે. ફક્ત સાચા પુકારની અપેક્ષા રાખે છે. મહાકાલીનું ખપ્પર સંપૂર્ણ બલિદાનની માગણી કરી રહ્યું છે.

ભારતનું પુનરુથ્થાન એ તેનો પુનર્જન્મ છે. નવા વેષે, નવા વિચારો સાથે જે આજની પરિસ્થિતિને તથા ભારતના આત્મા સાથે બન્ને સાથે સુસંગત હોય.

આગામી સમય અગ્નિ-પરીક્ષાનો છે. હાલમાં તો ફક્ત પ્રાથમિક તૈયારીઓ જ ચાલી રહી હતી. જેમાં હળવી મુશ્કેલીઓ, હળવી સમસ્યાઓ અને હળવી શિક્ષા હતી. પણ આગામીકાળ માથાના સટોસટીનો છે. ભાષણબાજોનું આ કામ નથી. આ રાષ્ટ્રવાદ જવલંત કુર્બાની માંગી લેવાનો છે. સર્વાંગપૂર્ણ શ્રદ્ધા અને નિષ્ઠા હશે તો જ આ શક્ય બનશે. સાચા અભીપ્સાપૂર્ણ હૃદયમાં જ સાચી નિષ્ઠા રહે છે અને તેવા હૃદયમાંથી જ સાચી પ્રાર્થના ઉદ્‌ભવે છે.

**ભારતમાતાને પ્રાર્થના**

''હે ભારતમાતા, તુ પ્રકાશ અને આધ્યાત્મિકતાની દેવી છે. જગતમાં તારા સાચા જીવનકાર્ય માટે જાગૃત થા. તે માટે એકતા અને સંવાદનો માર્ગ દર્શાવ.

હે ભારતમાતા, પારકાઓનું સ્વામિત્વ સ્વીકારી ગુલામીમાં રાચતા અવનતિના ગાઢ અંધકારમાં સબડતા તારા નબળા, કાયર, માંદલા, અપંગ સંતાનોને પણ તે કોઈ વખત તરછોડયાં નથી. હવે જ્યારે તારા સંતાનો તારાં સ્વાતંત્ર્યની પ્રભાત જોઈ રહ્યાં છે, ત્યારે તારા સંતાનોને તારી સાચી મહત્તા સમજાવી તેને પ્રકટ કરવાનો માર્ગ દર્શાવ. તારા જીવનની શક્તિને અમે સમર્થ રીતે પ્રકટ કરીએ અને સમગ્ર જગતને આત્માનાં પ્રદેશમાં લઈ જઈએ એવું સામર્થ્ય અને જીવન-દર્શન આપ.

હે ભારતમાતા, તારી વિજયશાળી આવિર્ભાવને ધારણ કરવા અમને સમર્થ કર.'' (પૂર્ણ)

## અધુરી તૈયારી

આપણે હજુ એટલા તૈયાર થયા નથી કે માણસો આપણી પાસે બેસી રહે અને તેમની ઉપર આપણી અંદરની ઈચ્છા શક્તિ કાર્ય કરે અને આપણે ઈચ્છીએ ત્યારે સૌ વિખરાઈ જાય.

૧૭.૩.૮૦ **-ભૂપેન્દ્ર ત્રિવેદી**

(પાના નં.૩૩નું આગળ) **અતિમનસ જગતનો શિલાન્યાસ**

પામવાનાં દ્વાર ઉગડતા લાગેલાં તેમાંનો સુવર્ણમય હથોડો એટલે માનવી સ્વરૂપમાં રહેલ ગુપ્ત અતિમનસ શક્તિ. સુવર્ણદ્વાર એટલે નીચેના પોકારની ઉર્ધ્વમાં વાટ જોતી અતિમનસ શક્તિ.

રૂપાંતર માટે આ બન્ને શક્તિ અથવા તેજ નો સંયોગ અને સમન્વય થવો જરૂરી છે એમ ''મા'' પુસ્તકમાં જણાવેલ છે.

સામુહિક સાધના દ્વારા અતિમનસ શક્તિ સમાજમાં કેવી રીતે કામ કરશે. તેનો ચિતાર શ્રી અરવિંદે ''માનવ ચક્ર''માં આપેલો જ છે. અને તેની વ્યક્તિગત કક્ષાની આંતરિક પ્રગતિ આપણને સાવિત્રી મહાકાવ્યમાં સાવિત્રીની સાધના દ્વારા અને ''યોગ સમન્વય'' માં સાધનાની આંતરિક વિભાવનાઓ દ્વારા જણાવેલ છે અને તે બન્ને ભૂમિકા સાથે કોષોની સાધના કરવાનું માતાજીએ જણાવે છે.

હાલમાં વિફરેલા અવચેતન અને અચેતનનો અંતિમ મરણીયો સંઘર્ષ પૃથ્વી ઉપર ત્રાસવાદ, સંકુચિત રાષ્ટ્રવાદ, ધાર્મિક ઝનૂન, ભૌતિકવાદના ફરજંદરૂપ આર્થિક શોષણ અને અમાનવી મૂડીવાદ આવા હળાહળઝેર સ્વરૂપે આ મંથનને કારણે બહાર પડી રહ્યું છે, તો બીજી બાજુ ચોરપગલે પ્રભુની પ્રજ્ઞા-શક્તિ નવા બાળકોમાં પોતાની વિશેષતા પ્રગટ કરવા લાગી છે. આજની પેઢીનું કર્તવ્ય છે ઉપરનાં હળાહળને ભગવાન શીવની જેમ પચાવી તેમાંથી નૂતન પેઢીને બચાવી લેવી. સાચી આધ્યાત્મિકતાની સમજણ એ જ તેનો તરણેપાય છે.

શ્રી અરવિંદનું પોંડિચેરીમાંનું ૪-૪-૧૦ના રોજનું આગમન એ અતિમનસ જગતનો પૃથ્વી ઉપર થયેલો શિલાન્યાસ હતો.

---

**નૂતન પ્રકાશન**

શ્રી અરવિંદ કેન્દ્ર તરસાલી, વડોદરા દ્વારા પ્રકાશિત શ્રી પરમ પાઠક તથા શ્રી રમણલાલ પાઠક દ્વારા સંપાદિત સાવિત્રી શબ્દકોષ (B-1. C- 1 and 2) જેમાં અંગ્રેજીનાં ગુજરાતી અને હિન્દીમાં શબ્દાર્થ આપેલા છે તે પ્રકાશિત થઈ ચૂક્યું છે. પેજ - ૧૪૩. કિ.-૧૦૦/- સદર ગ્રંથ સાવિત્રીના ગુજરાતી તથા હિન્દી ભાષી અભ્યાસુઓને ખૂબજ ઉપયોગી નિવડશે. સંપાદકોને અભિનંદન.

# સહજ-સત્સંગ

**ધ રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે**
**સહજ-સત્સંગ (માસિક) અંગે માહિતી**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | રાજકોટ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | વિમલેશભાઈ શાહ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | લા ક્રિએટા, ૪/૫ જે.પી.ટાવર્સ, ટાગોર માર્ગ, રાજકોટ |
| ૪. | પ્રકાશકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી માનસિંહભાઈ ચાવડા |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |
| ૫. | પત્રના માલિકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ |
| | તથા સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |

હું માનસિંહભાઈ ચાવડા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી પૂરેપૂરી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

**પ્રકાશકની સહી :**

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતિ માનસિંહભાઈ ચાવડા

તા. ૧.૪.૨૦૦૯



**શ્રી અરવિંદ**

ભારતની ગરિમા અતિ, દિવ્યપરંપરા અગાધ,
શ્રી અરવિંદે સચેત કર્યો, જગદ્ગુરૂ પદે વિખ્યાત.

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



# વંદન કરીએ વારંવાર

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

: લવાજમ :

વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૫૦૦.૦૦

DATE OF POSTING : 1st OF EVERY MONTH